વિશ્વવિહાર

વર્ષ : 23 * અંક : 9 * જૂન 2021 * કિં. ₹ 15



ગુજરાતની અદ્યતન અને અધિકૃત માહિતી ધરાવતું
ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનું પ્રકાશન
'ગુજરાત'
(આવૃત્તિ પાંચ)

'દાંડીકૂચ : એક શબ્દયાત્રા' (સંવાદ રૂપે)
વિશે દીપ્તિ જોશી અને સુભાષ બ્રહ્મભટ્ટ



'અહો જીવનમંચ !
અહો રંગમચ !'
વિશે અર્ચન ત્રિવેદી

'લૉકડાઉન અને કાવ્યગાન'
(લૉકડાઉન દરમિયાન ગવાયેલાં સ્વરાંકનો)
વિશે અમર ભટ્ટ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે,
ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : અજય ઑફસેટ,
સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪
◆
email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૫૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેક્ષ)
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

બીજી મહામારી : બારણે ટકોરા !

ધીમા પણ મક્કમ પગલે પ્રદૂષણની મહામારી મનુષ્યજાતિ પર પોતાના દુષ્પ્રભાવમાં વૃદ્ધિ કરી રહી છે. જળ, જમીન અને જંગલ તથા પ્રાણી, પૃથ્વી અને પ્રકૃતિ પર 'વિકાસશીલ' માનવજાતિએ અત્યાચારોનો આતંક વરસાવ્યો છે. પ્રકૃતિ એની સહનશીલતા ઓળંગે છે, પછી જ વિનાશનું તાંડવનૃત્ય કરે છે. માનવીએ માટીનું ચીરહરણ કરીને ફળદ્રૂપ જમીનને સાવ ઉજ્જડ-વેરાન બનાવી દીધી છે અને એ જ રીતે આ વિશ્વ પર હવાનું પ્રદૂષણ ભયજનક રીતે પોતાનો પંજો પ્રસારી રહ્યું છે. પહેલાં એની સામે આંખમિચામણાં કર્યાં. હવે દિલ્હી જેવાં મહાનગરો સફાળાં જાગ્યાં. હવાનું આ પ્રદૂષણ ઘરની અંદર અને ઘરની બહાર બંને રીતે જોખમ ઊભું કરે છે. વળી માનવીનાં શરીર અને મન બંને પર એનો પ્રભાવ પડે છે. પ્રદૂષિત હવાને કારણે વ્યક્તિનું જીવન બેઠાડું બની જાય છે અને એનું ભોજન અસમતોલ બની જાય છે. પ્રદૂષિત હવાથી કફ, આંખો બળવી, ગળામાં કે પછી શ્વાસ લેવામાં મુશ્કેલી થાય છે, એટલું જ નહીં, પણ સમય જતાં ફેફસાં અને શ્વાસોચ્છ્વાસની ટ્રેક પર પણ એની અસર થાય છે. એટલે કે લાંબા ગાળે આ પ્રદૂષણ શરીરનાં દરેક અંગોને પ્રભાવિત કરે છે. જાણીને આઘાત લાગે, પણ આજે વિશ્વમાં થતા મૃત્યુનું પાંચમું કારણ હવાનું પ્રદૂષણ છે. વળી આમાં સ્પર્શથી રોગચાળો ફેલાતો નથી. તમે કોઈને સ્પર્શ પણ ન કરો અને આ પ્રદૂષણથી ઘેરાઈ જાઓ છો ! લૉકડાઉન સમયે હવાની ગુણવત્તામાં સુધારો થયો હતો. સ્વચ્છ આકાશ જોવા મળ્યું અને તાજગીભરી હવા માણવા મળી, પરંતુ સદાકાળ તો આવી પરિસ્થિતિ જાળવવી મુશ્કેલ છે. આમ છતાં જો આ પ્રદૂષણ સામે સમયસર પગલાં લીધાં નહીં, તો કોવિડ-૧૯ પછી પણ આ પ્રદૂષિત જગતમાં તમારા માટે માસ્ક સદાકાળ અનિવાર્ય બની રહેશે.

પાણીની બાબતમાં તો આપણે જાણીએ છીએ કે દુનિયાની ઘણી મોટી વસ્તી તરસે તરફડી રહી છે. એને પાણી મેળવવા માટે વલખાં મારવાં પડે છે, માઈલો સુધી દૂર જવું પડે છે અને વિચિત્રતા તો એ છે કે માનવી પાણીના બગાડનો વિચાર કરે છે પણ એના સંગ્રહનો ભાગ્યે જ વિચાર કરે છે. જમીનની નીચેનું પાણીનું સ્તર સતત ઘટી રહ્યું છે. આજે મહાનગરોમાં પાણીનો પ્રશ્ન સામાન્ય અને મધ્યમવર્ગના લોકોને પજવી રહ્યો છે. આગામી વર્ષોમાં વધતાં શહેરીકરણને કારણે પાણીની કેવી પરિસ્થિતિ થશે, એનો વિચાર કરવો જોઈએ.

પાણીને સસ્તું માનીએ છીએ અને પાણીનો વપરાશ કરતી વખતે કશોય વિચાર કરતા નથી, પછી આપણી દિનચર્યામાં એનો ઉપયોગ કરવાનો હોય કે પર્વ, તહેવારો, પ્રસાધનો અને વાનગી માટે એનો ઉપયોગ કરવાનો હોય. એ સાચું કે આ પૃથ્વીનો સિત્તેર ટકા જેટલો વિસ્તાર પાણીનો છે, પરંતુ એમાંથી માત્ર અઢી ટકા પાણી જ ચોખ્ખું છે અને આ અઢી ટકામાંથી માત્ર એક ટકો પાણી જ પૃથ્વીનિવાસીઓને સરળતાથી

પ્રાપ્ય છે. એ દૃષ્ટિએ જોઈએ તો વિશ્વની આઠ અબજ વસ્તીને માટે પૃથ્વી પરનું ૦.૦૦૭ ટકા પાણી જ વપરાશ માટે યોગ્ય છે. વળી છેલ્લી સદીમાં તો વસ્તીવધારા કરતાંય બમણી ગતિએ પાણીનો વપરાશ વધ્યો છે. આજે પૃથ્વી પરના એક અબજ લોકોના નસીબમાં પીવાનું શુદ્ધ પાણી નથી અને બે અબજ લોકો કારમી જળતંગી અનુભવે છે. નાની વયનાં સાતસોથી વધારે બાળકો રોજ દૂષિત પાણીને કારણે જીવન ગુમાવે છે. આમાંનાં એંશી ટકા બાળકો તો ગામડાંનાં છે. વિચિત્રતા તો જુઓ કે ગામડાંઓ પાસે શહેર કરતાં પ્રાકૃતિક જલસ્રોત વિશેષ છે ! આગામી નવ વર્ષ બાદ એટલે કે ઈ. સ. ૨૦૩૦ સુધીમાં તો દુનિયાની અડધા ભાગની વસ્તી એક યા બીજી રીતે પાણીની અછતનો અનુભવ કરશે અને એમાં પ્રદૂષણને કારણે ખોરવાઈ ગયેલા વર્ષના ઋતુચક્રને કારણે પૃથ્વીની પોતીકી રિચાર્જ થવાની કુદરતી શક્તિમાં અવરોધ આવી ચૂક્યો છે. જ્યાં શુદ્ધ પાણીની જ અછત થશે, ત્યાં એમાં વસતાં પ્રાણીઓ અને વનસ્પતિઓનું શું થશે ? ૧૯૭૦થી ચોખ્ખા પાણીમાં વસતાં પ્રાણીઓની બે તૃતીયાંશ સંખ્યા ઘટી ગઈ છે.

દુનિયાના ૬.૮ કરોડ લોકોને એમના જૂના રહેઠાણમાં પાણી ઉપલબ્ધ થતું નહીં હોવાથી એ રહેઠાણ છોડીને બીજે વસવા જવું પડ્યું છે. એક બાજુ વધતી વસ્તી, આયોજનનો અભાવ, યાંત્રિક સાધનો મારફતે વધુ ને વધુ ભૂ-જળ ખેંચવાની વૃત્તિ-પ્રવૃત્તિએ જળચક્ર(વૉટર સાઇકલ)ને ખોરવી નાખ્યું છે. જમીન, આકાશ અને દરિયા વચ્ચેની જળસંવાદિતા બેસૂરી બની ગઈ છે. ૨૦૧૬માં ૪૮૦ અરબ ડૉલરનો પાણીનો - બંધ પાણીનો કારોબાર હવે છત્રીસ કરોડ રૂપિયા સુધીનો થશે. આ કારોબારને કારણે તો માનવજાતની પનોતી બેઠી છે.

બીજી બાજુ નદીના અંતરાત્માને ઓળખ્યા વિના એના પર બંધની રચના કરવામાં આવે છે. એનો સાહજિક પ્રવાહ બદલી નાખવામાં આવે છે. વળી એના પર થતા

અનુક્રમ

બીજી મહામારી : બારણે ટકોરા	૩	કુમારપાળ દેસાઈ
સહ વીર્યમ્ કરવાવહૈ	૬	ગોરધન પટેલ 'કવિ'
સ્વપ્નથી સિદ્ધિ સુધી	૯	રમેશ બાપાલાલ શાહ
ઉકેલ્યા વગરની ગૂંચ	૧૨	દીપક મહેતા
જો હું વાઘ હોઉં તો !	૧૫	રતિલાલ બોરીસાગર
વિદગ્ધ રંગકર્મીની રંગયાત્રા અને રંગચિંતન	૧૮	મહેશ ચંપકલાલ
કોરોનાકાળમાં ગુજરાતનું આરોગ્યમાળખું !	૨૨	પ્રવીણ ક. લહેરી
ત્રણ કવિ, એક જવાબ	૨૫	રાજેન્દ્ર પટેલ
ગુજરાતી ચલચિત્રોનો બદલાયેલો પરિવેશ	૨૬	અભિજિત વ્યાસ
ઑક્સિજન અને 'ત્રીજી લહેર'	૨૯	ચિંતન ભટ્ટ
વિશ્વકોશવૃત્ત	૩૪	—

પૂરના રક્ષણ માટેનાં બાંધકામો અવરોધમાં ઉમેરો કરે છે. પાણીની આ પરિસ્થિતિ ભવિષ્યમાં વિશ્વયુદ્ધ સર્જે તો નવાઈ નહીં.

જનસામાન્યમાં પ્રવર્તતી જંગલ વિશેની કલ્પના તો ધ્રુજાવી મૂકે તેવી છે. એને તો કોઈ ગીચ ઝાડીઓથી ભરેલી અને હિંસક પ્રાણીઓવાળી જગ્યા લાગે છે. એને કલ્પના નથી કે આ જંગલ એ એક વહેતું જીવન છે. એમાં વસતા વનવાસીઓ કે આદિવાસીઓ એનો ધબકાર છે. ચિપકો આંદોલનનો વિચાર કરીએ છીએ, પરંતુ એ આદિવાસીઓના પ્રાણ સમાં જંગલો વિશે ભાગ્યે જ વિચાર થાય છે. વિકાસને નામે જેમ પશુ અને પક્ષીઓને બેઘર કર્યાં, એ જ રીતે અહીં વસતા આદિવાસીઓ અને વનવાસીઓને દૂર હટાવવામાં આવે છે.

જંગલ નાશ પામશે, તો એની સાથે જોડાયેલી આપણી કથાઓનું શું થશે ? રામ અને પાંડવોના વનવાસની કથાઓ કઈ રીતે સમજાશે ? આ મહાકાવ્યોમાં માનવો જેટલી જ કથાઓ પશુ-પક્ષીઓની મળે છે. એક અર્થમાં જનજાતિનો જીવનનિર્વાહ આપતું વન અનંતશક્તિનું પ્રતીક છે. એ જનજાતિ વૃક્ષો કાપે અને ફરી પાછાં એ વૃક્ષો ઊગે છે. આજે આવાં જંગલોને બેવડો માર મારવામાં આવે છે. એક બાજુ માણસ એનાં વૃક્ષોનું નિકંદન કાઢી રહ્યો છે, તો બીજી બાજુ પ્રચંડ આગ જંગલોનાં જંગલોને ભસ્મીભૂત કરી રહી છે.

કોરોના મહામારીએ વિશ્વના માનવીઓ વચ્ચે એક પ્રકારના સહયોગનું વાતાવરણ સર્જ્યું છે. હવે એનો સંયુક્તપણે કઈ રીતે સામનો થઈ શકે તેનો જુદા જુદા દેશના તજ્જ્ઞો વિચાર કરે છે અને એમાંથી વૈશ્વિક સ્વાસ્થ્ય-સંભાળની યોજનાઓ વિચારાવા લાગી છે. આ પરિસ્થિતિ પસાર થયા પછી આપણે એનાથીયે મોટા એવા ક્લાઈમેટ ચેન્જના પડકારનો વૈશ્વિક સ્તરે સામનો કરવાનો રહેશે. વિશ્વમાં વધી રહેલો કાર્બનડાયૉક્સાઈડ માત્ર વાયુ પ્રદૂષિત કરશે નહીં, પરંતુ એની વૃદ્ધિ એક ભયસ્થિતિ પેદા કરશે અને તે છે ગ્રીન હાઉસ ઈફેક્ટ. જેને પરિણામે વિશ્વના તાપમાનમાં વૃદ્ધિ થશે અને પ્રકૃતિ પર એવું કૂકર પ્રેશર નિર્મિત થશે કે જે સમય જતાં વનસ્પતિજગત માટે ખતરનાક સિદ્ધ થશે. મહામારી, અંતરીક્ષમાં એકત્રિત થયેલો અણુકચરો કે પછી વિનાશક પરમાણુશસ્ત્રો યા કોઈ આકાશી ગ્રહ પૃથ્વી સાથે અથડાઈને પૃથ્વીના વાતાવરણમાં પરિવર્તન લાવી શકે તેમ છે. વૈજ્ઞાનિકોના કહેવા પ્રમાણે ૬.૫૦ અબજ વર્ષ પહેલાં ડાયનોસૉર લુપ્ત થયાં, તેના કારણ તરીકે કોઈ આકાશી પિંડ પડ્યો હોવાનું માનવામાં આવે છે.

આજે કોરોના મહામારીથી ગ્રસિત જગતે આ આવનારી આપત્તિ વિશે પણ ગંભીર રીતે વિચાર કરવાની જરૂર છે. રાજશક્તિ નહીં, બલ્કે લોકશક્તિ જ આમાંથી માર્ગ કાઢી શકશે. ક્યારેય કોઈ રાજકીય પક્ષે જમીન, જંગલ, પાણી, હવા, પ્રાણી કે પર્યાવરણના મુદ્દાની ચિંતા કરી છે ખરી ? માનવઇતિહાસ કહે છે કે માનવીએ એના પર આવનારી આપત્તિઓનો સફળતાથી સામનો કર્યો છે, પણ એની પાછળ એની સાવચેતી કારણભૂત છે. કોરોનાનો એકજૂટ બનીને સામનો કરવા મરણિયો પ્રયાસ કરતા જગતે ભવિષ્યની આ બીજી મહામારીનો સાથે મળીને મુકાબલો કરવાનો રહેશે.

—કુમારપાળ દેસાઈ

સહ વીર્યમ્ કરવાવહૈ

શ્રી કાંતિસેન શ્રોફ

વિશાળ સાગરને એક નાનકડા પાત્રમાં ભરી શકાય ? આકાશને મુઠ્ઠીમાં કેદ કરી શકાય ? – આ પ્રશ્નોના જવાબ 'ના'માં જ આવે. શ્રી કાંતિસેન શ્રોફનું વ્યક્તિત્વ એક દીર્ઘદ્રષ્ટા વ્યક્તિ તરીકે આલેખવું એટલે આવી જ એક મથામણ કહી શકાય.

આદર્શ અને ટકાઉ સમાજવ્યવસ્થાના સ્વપ્નદ્રષ્ટા શ્રી કાંતિસેન શ્રોફને સૌ કોઈ 'કાકા'ના નામે ઓળખતા હતા. તેઓ એક દીર્ઘદ્રષ્ટા વ્યક્તિ તરીકે પ્રયોગાત્મક કાર્યોના પુરસ્કર્તા હતા. કોઈ પણ વિસ્તારનો 'સર્વાંગી' વિકાસ કરવો હોય તો કોઈ એકના ભોગે અન્યનો વિકાસ થવો ન જોઈએ – આ પાયાની વાતને તેઓ અત્યંત મહત્ત્વની માનતા હતા. એક દીર્ઘદ્રષ્ટા તરીકે તેઓએ આદર્શ અને સ્વાવલંબી સમાજવ્યવસ્થા કેવી હોય, તે અંગે ઊંડું ચિંતન કરીને તેને સમાજ સામે કાર્યાન્વિત કર્યું હતું. તેઓએ પોતાનું વિઝન એક સમયના આપણા રાષ્ટ્રપતિ ડૉ. કલામ સામે રજૂ કર્યું, ત્યારે ડૉ. અબ્દુલ કલામ પ્રભાવિત થયા હતા અને તેમણે કાકા પાસે એમનાં મહત્ત્વનાં કામોની સી.ડી. મંગાવીને જોઈ પણ હતી, એટલું જ નહીં પણ કચ્છમાં આવીને કાકાના માર્ગદર્શનથી થયેલાં કામો જોવાની ઇચ્છા પણ વ્યક્ત કરી હતી.

'વ્યવસ્થાપનમાં માણસનું સ્થાન ખૂબ જ મહત્ત્વનું છે.' આવું માનનારા કાંતિસેન શ્રોફ 'કાકા'નું પ્રથમ વિઝન માણસને કેન્દ્રમાં રાખીને સમજવાની જરૂર છે. સફળ વૈજ્ઞાનિકો કે તજ્જ્ઞોની સેવાઓ અને જાણકારીની સમાંતરે તેની સાથે જોડાયેલ માણસ પણ એક કર્મશીલ વ્યક્તિ તરીકે તૈયાર થવો જોઈએ અને તેનું ઘડતર એ દિશામાં થવું જોઈએ, આ પ્રકારનો વિચાર એમના પ્રત્યેક વૈચારિક અને પ્રત્યક્ષ કાર્યોમાં જોવા મળે છે. તેઓ કહેતા કે માણસ તૈયાર થશે તો બીજું બધું આપોઆપ થઈ જશે.

કોઈ પણ વિસ્તારનો સર્વાંગી વિકાસ ત્યારે જ શક્ય બને જ્યારે સ્થાનિક સ્રોતો અને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય જાણકારીનો સમન્વય સાધવામાં આવે. તળવિસ્તારના માનવીમાં રહેલી કોઠાસૂઝથી માંડીને પરંપરાગત અનુભવસિદ્ધ જાણકારીનો ઉપયોગ વીસરી જઈને માત્ર ટૅક્નોલૉજી આધારિત વિકાસ અનર્થો સર્જે છે તેવું માનતા હતા. ટૅક્નોલૉજીનો મહત્તમ ઉપયોગ વિકાસકાર્યોમાં ચોક્કસ થવો જ જોઈએ, પણ તેના ઉપયોગમાં યોગ્યતા જળવાય અને સાથોસાથ સ્થાનિક સ્રોતો અને મૂળભૂત જ્ઞાનનો પણ ઉપયોગ કરીને આપણે આદર્શ વ્યવસ્થા ગોઠવી શકીશું તેવું તેઓ ઘણી વાર કહેતા. તેઓની આ વિચારધારાને અનુરૂપ કચ્છમાં કેટલાંક કામો નમૂનારૂપ થયાં છે.

આદિ-અનાદિકાળથી મનુષ્યની સમજણ વિકસિત થઈ ત્યારથી મોટાભાગની વસાહતો કે ગામડાંઓ નદીકિનારે વસ્યાં છે, આ વાત તેઓના ધ્યાન બહાર ન હતી. 'જળ એ જ જીવન છે' આ વાતને પાયામાં રાખીને નદીની આજુબાજુના વિસ્તારને એક 'મૉડલ' સ્વરૂપે વિકસિત કરવામાં આવે, તો સ્વાભાવિક રીતે જ રોજગારીની તકો વધવાની સાથોસાથ ત્યાં વસવાટ પણ વધતો જાય. પરંતુ આજે આપણે નદીઓથી વિમુખ થતાં જઈએ છીએ, ત્યારે કચ્છમાં એક નવીન પ્રયોગ તેમણે કર્યો અને તેનું નામ આપ્યું 'નદીઓ તરફ પાછા વળો.' રિવર બેઝીન મૅનેજમેન્ટ નામે શરૂ થયેલ આ પ્રકલ્પ અદ્વિતીય રહ્યો. માંડવી-કચ્છના દરિયાને મળતી કચ્છની એકમાત્ર મોટી નદી રૂકમાવતીના ઉદ્‌ભવસ્થાનથી દરિયા સુધીના માત્ર ૫૦ કિમી.ના વિસ્તારમાં નદીના આસપાસનાં ૪૫ જેટલાં ગામોને તેમણે સાંકળી લઈને એક આદર્શ મૉડલ ઊભું કરવાની દિશા આપી અને તેઓના માર્ગદર્શન હેઠળ કચ્છની અગ્રિમ સંસ્થા વિવેકાનંદ રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા આ નદીમાં ૫૧ સિરીઝ ચેકડૅમ બનાવ્યા અને વરસાદનું વહી જતું પાણી ઠેકઠેકાણે રોકી રાખીને તેના ઉપયોગથી આજુબાજુનાં ગામોને સ્વનિર્ભર બનાવવામાં પહેલ કરી. માત્ર ખેતી જ નહીં, પરંતુ તેની સાથે પશુપાલનથી માંડીને સ્થાનિક રોજગારીનાં અનેક કામો શરૂ થયાં અને આ રીતે રૂકમાવતી નદીના બંને કિનારા બાજુનો આખો વિસ્તાર સારી રીતે વિકાસ સાધી શક્યો.

કૃષિપ્રધાન દેશ ભારતમાં કૃષિવિકાસમાં તેઓએ સંશોધન દ્વારા વિકાસનો મુદ્રાલેખ અપનાવ્યો. ખરાબ જમીન અને ખારા પાણીમાં પણ વિજ્ઞાન અને ટૅક્નોલૉજીની મદદથી અને સ્થાનિક ખેડૂતોની આગવી સૂઝથી ઘણું કાર્ય થઈ શકે તેમ છે તેવું ઉદાહરણ માંડવીના દરિયાથી નજીક એક ફાર્મમાં કૃષિ સંશોધન અને પાક આયોજનની પ્રવૃત્તિઓ દ્વારા પૂરું પાડ્યું. એની સાથોસાથ રાષ્ટ્રમાં ઉદ્યોગો ચોક્કસપણે સ્થાપવા જોઈએ, પણ તેના સમાંતરે પર્યાવરણીય સમતુલા ખોરવાઈ ન જાય તેનું ધ્યાન રાખવું જોઈએ તેમ તેઓ દૃઢપણે માનતા.

સ્થાનિક ગામોમાં રહેલા સંસાધનનો ઉપયોગ કરીને ગામને સર્વાંગ-સુંદર અને આદર્શ કેમ બનાવવું તેનું વિઝન કાકાએ આપ્યું. સ્થાનિક હસ્તકળા અને હુન્નરકળાનો સમન્વય સાધીને તેની સાથોસાથ ખેતી-પશુપાલનને પણ વિકસિત કરવાના ખ્યાલો એક સાથે આપીને દરેક બાબત અને ક્ષેત્રનું મહત્ત્વ પ્રસ્થાપિત કર્યું. એક આદર્શ ગામ તો જ વિકસે કે તેમાં સહુ કોઈનું મહત્ત્વ હોય.

તેઓ હુન્નરને સ્વાવલંબનનો આદર્શ માનતા હતા. કોઈ ખેડૂતનો દીકરો ખેતીકામ શીખે, કોઈ કારીગરનો દીકરો હુન્નર શીખે તેને તેઓ મજૂરી તરીકે નહોતા જોતા, પણ પાયાના ઘડતર તરીકે મૂલવતા હતા. આમ, 'મજૂરી અને હુન્નર' વચ્ચેની સ્પષ્ટ ભેદરેખા તેઓએ સમાજ સામે મૂકીને સ્વનિર્ભરતાની દિશા બતાવી છે.

તેઓએ એક મહત્ત્વપૂર્ણ વાત આપણને કહી છે કે દુનિયા માત્ર નફાથી નહીં ચાલે, હવે દુનિયાનો નવેસરથી વિચાર કરવો પડશે અને તેના માટે દૃષ્ટિ વિશાળ રાખવી પડશે.

ઉદ્યોગ એટલે માત્ર કારખાનું નહીં, પણ નાનાં ગામડાંનો કોઈ પણ હુન્નર કે ખેતી-પશુપાલન આદર્શ ઉદ્યોગ છે કે જેમાં હજારોને રોજગારી મળવાની સાથે પાલનપોષણ કરવાની ક્ષમતા છે.

તેઓ માણસને કેટલું મહત્ત્વ આપતા તેનું ઉત્તમ ઉદાહરણ જોવું હોય તો પોતે જે કંપનીના ડાયરેક્ટરપદે હતા તે ઉદ્યોગગૃહ એકસેલ ઈન્ડસ્ટ્રીઝના રસોડે નાના કારીગરોથી માંડીને તમામની સાથે તેઓ સાથે બેસીને ભોજન લેતા હતા. તેઓ કહેતા કે દરેકની આવડત નાની હોય, પણ ભેગા મળીએ તો મોટી બની જાય. આમ, આવડતોનો ગુણાકાર કરવાની તેઓએ દૃષ્ટિ આપી. ઓછાં સાધનોથી પણ સાથે મળીને કેવું કામ થઈ શકે તેનું ઉદાહરણ પૂરું પાડ્યું.

ગાંધીજીની બુનિયાદી વિચારધારાથી માંડીને વિનોબાજી અને વિવેકાનંદજીના આદર્શોના સમન્વય દ્વારા ભાવિ પેઢીને પણ આપણે જોડવી પડશે તેવું તેઓ કહેતા. કાકાની મૂળભૂત વાત લોકોમાં જાગૃતતા લાવવાની હતી. વ્યક્તિ સ્વયં જાગૃત બનશે તો રસ્તાઓ આપોઆપ દેખાશે.

એમનું 'બહુ જ સરસ' - વાક્ય જડીબુટ્ટી સાબિત થયું. કાકા પાસે કોઈ પણ વ્યક્તિ નાનું કે મોટું કામ કર્યાની વાત લઈને જાય કે પોતે કરેલ કાર્યની માહિતી આપવા જાય ત્યારે એક બ્રહ્મવાક્ય તેઓના મુખેથી સરી પડે કે 'બહુ જ સરસ'. કાકાનું આ વાક્ય અનેકોના જીવનમાં જડીબુટ્ટી સાબિત થયું છે અને તેઓના આ વાક્યથી પ્રોત્સાહિત થનાર વ્યક્તિ એક આદર્શ કાર્યકર બનીને સમાજમાં વ્યાપી જાય છે. આવા અનેક કાર્યકરોની મોટી ફોજ આજે કચ્છ અને સૌરાષ્ટ્રમાં કામ કરી રહી છે તેના પાયામાં કાકાનું આ બ્રહ્મવાક્ય છે. વ્યક્તિને પ્રોત્સાહિત કરવાની તેઓની એક વિશિષ્ટ ખાસિયત હતી.

એક પ્રેમાળ વડીલ તરીકે કાકાનું માર્ગદર્શન પામનાર કદાચ તજ્ઞ્ન બની શકે, કદાચ હોશિયાર ન બની શકે, કદાચ જ્ઞાની ન બની શકે,પણ એક સારો કાર્યકર ચોક્કસ બની શકે અને એક સારો માણસ તો ચોક્કસ જ બની શકે.

'સહ વીર્યમ્ કરવાવહૈ'ની ભાવના મુજબ સૌએ સાથે મળીને કામ કરવું જોઈએ તેવું માનતા કાંતિસેન શ્રોફ હંમેશાં કહેતા કે કુદરતે દરેકને અલગ અલગ શક્તિઓ આપી છે, તે બધા શક્તિશાળીઓ ભેગા થાય, તો ખૂબ જ ઉત્તમ પરિણામો મળે. સહઅસ્તિત્વના સિદ્ધાંત મુજબ 'મનુષ્ય સાથે પશુ-પંખી અને તમામ જીવસૃષ્ટિનું સહઅસ્તિત્વ જ આપણને ટકાવી શકશે' તેવું માનનારા આ વિશાળ સૃષ્ટિને આપણા પુરુષાર્થથી વધુ સુંદર બનાવી શકીશું તે પ્રકારની તેઓની માન્યતા હતી.

આપણે ત્યાં માનવીય સમાજના ઉત્થાન માટે કામ કરતી એક મહાજન પરંપરા વિકસી છે. કાકા આ મહાજન પરંપરાને જુદી રીતે જોતા હતા અને તેઓ કહેતા કે પ્રત્યેક વ્યક્તિ મહાજન બનીને અથવા પોતાની જાતને મહાજનના પ્રતિનિધિ ગણીને બીજાનો વિચાર કરતી થાય તે આધુનિક સમયના મહાજનની ઓળખ છે.

આમ, શ્રી કાંતિસેન શ્રોફનું વિશાળ અને વિરાટ વ્યક્તિત્વ અનેક પાસાંઓમાં પ્રગટ્યું છે.

અંતમાં તેઓએ પ્રબોધેલ એક મહત્ત્વપૂર્ણ વાત જોઈએ. તેઓ કહેતા કે આપણા શરીરનાં બધાં અંગો એકબીજાને પૂરક બનીને કામ કરે છે એટલે જ શરીર ચાલે છે, તેવી જ રીતે આપણે બધાએ પરસ્પર આપનાર બનવાનું, લેનાર નહીં. જો આમ કરીશું તો એકબીજાને ટેકે સારું કામ કરીને ટકાઉ સમાજવ્યવસ્થા ઊભી કરી શકીશું.

– ગોરધન પટેલ 'કવિ'

સ્વપ્નથી સિદ્ધિ સુધી

એક પ્રભાવક મંત્રગાન છે, તેનું ધ્રુવપદ છે : ચરૈવેતિ ચરૈવેતિ ॥ પરંતુ કોઈના પણ જીવનનો રાહ સરળ-સપાટ-સીધો હોય છે ખરો ? પર્વતપુત્રી સરિતાને પણ ઘર છોડ્યા પછી સાગરને મળવા સુધીનો રસ્તો કેવો કપરો હોય છે ! છતાં એ વણથંભી દોડતી રહીને વિશાળ સાગરનો એક અંશ બની રહે છે. અને જેટલાં turning point પાર પાડ્યાં ત્યાં તીર્થો બન્યાં !



દશરથ પટેલ

૧૯૨૭ની પહેલી ડિસેમ્બરે આણંદ જિલ્લાના સોજિત્રા ગામડામાં જન્મેલા, ઊછરતી સરિતા સમા આ દશરથ પટેલનું જીવન પણ આસાન ન હતું, ભણવાની વયે ભણવાનું ગમતું ન હતું. અમદાવાદની જાણીતી શાળા સી. એન. વિદ્યાલયમાં છઠ્ઠા ધોરણ સુધી પહોંચતાં સુધીમાં તો દરશથને 'ચોપડીઓના' અભ્યાસથી થાક ચડ્યો હતો ! શરીર બળવો કરી રહ્યું હતું, ભણવામાં ક્યાંય મન લાગતું ન હતું. એને તો ઇતર વિષયમાં, ચિત્રકળામાં ખૂબ રસ પડતો હતો, કલાકો સુધી રંગકામમાં ડૂબી રહેતો. તેનાં કરેલાં ચિતરામણ પણ શિક્ષક શ્રી રસિકલાલ પરીખની પ્રશંસા મેળવતાં ! પરંતુ બીજા અણગમતા વિષયો તેને મૅટ્રિકનાં પગથિયાં સુધી પહોંચતાં અટકાવતા હતા. કુશળ આચાર્ય શ્રી ઝીણાભાઈ દેસાઈએ તેના મનની અવઢવ જાણી, દશરથનાં માતાપિતાની અનુમતિ મેળવીને એકલું ચિત્રકામ કરવાની છૂટ આપી ! મનપસંદ વિષયમાં આગળ વધવાનો મારગ મોકળો થયો. સવારને સમયે ઉત્સાહભર્યો દશરથ 'ગુજરાત ચિત્રકળા સંઘ'ના વર્ગ ભરવા માંડ્યો. ગાડું ગબડવા લાગ્યું. પ્રગતિ સાધી, તેનાં કામ જોનારની પ્રશંસાભરી નજર એનાં દોરેલાં ચિત્રો પર ટકી રહેતી !

કલાકાર રસિકલાલ પરીખે થોડો સમય મદ્રાસ(ચેન્નાઈ)માં શ્રી દેવીપ્રસાદ રાય ચૌધરી પાસે રહીને ચિત્રકળા અને શિલ્પકામનો અભ્યાસ કરેલો હતો. આ અનુભવથી પરીખસાહેબે ભાઈ દશરથને તેમના હાથ નીચે ઘડાવા ૧૯૪૯માં ચેન્નાઈની ગવર્નમેન્ટ કૉલેજ ઑવ્ આર્ટ્સમાં કળાનો અભ્યાસ કરવા મોકલ્યા. ત્યાં કલાશાળાની પહેલી જ ટર્મથી દશરથની કામગીરી પર આચાર્ય દેવીપ્રસાદ મુગ્ધ હતા ! યુવાન દશરથને આચાર્યના અંતેવાસી બનવાનો લ્હાવો મળ્યો. તેમના અંગત સ્ટુડિયોમાં રહી કામ કરવાની આઝાદી મળી હતી ! ક્યારેક આચાર્ય તેનાં બનાવેલાં ચિત્ર પર કૂચડો મારી બોધપાઠ પણ આપતા હતા : 'મરેલાંને જીવતાં કરી શકે તે જ કળાકાર !' ટાંકણાંના

ઘા ખાઈ શિલ્પ બને, ગુરુ દેવીપ્રસાદે તો કાચી માટીમાંથી અનન્ય પ્રતિમાનું, પ્રતિભાનું સર્જન કર્યું.

ચિત્રકળા ઉપરાંત દશરથ પટેલે ઘણું બધું આત્મસાત્ કર્યું. તેમણે ચિત્રકામ પણ ૨૦ ૩૦ની મોટી સાઇઝના ડ્રૉઇંગ પેપર પર કર્યાં. કલાકાર તૈયબ મહેતા, એમ. એફ. હુસૈન, ગાયતોંડે જેવા સમર્થ કલાકારો સાથેની મૈત્રીથી ચિત્રકામમાં ખૂબ વૈવિધ્ય ઉપજાવ્યું. ૧૯૫૨માં ફ્રાન્સના વિખ્યાત ફોટોગ્રાફર કાર્ટિઅર બ્રેસન સાથેની મૈત્રીભરી મુલાકાત પછી બ્રેસને તો પટેલના હાથમાં કૅમેરા પકડાવી જ દીધા ! પટેલે પોતાની દૃષ્ટિને કૅમેરા-લેન્સનો ઓપ ચડાવી ફોટોગ્રાફીમાં માહિર બની તેમાં ચિત્રકામની ખૂબીઓ પણ આણી. કાર્ટિઅર બ્રેસને આપણા આ કલાકારની નિરીક્ષણશક્તિ પારખી લીધી હતી. દશરથ પટેલે ગળામાં Leica M3 કૅમેરા રાખી હાથમાં બધા કૅમેરાના એકશટરથી ઑપરેટ કરી, ૩૬૦ ડિગ્રી આવરી લઈ, 'સિનેરેમા' દૃશ્યો મોન્ટ્રિએલ (કૅનેડા) પ્રદર્શનમાં યોજ્યાં હતાં.

ઇચિંગની કળા જે એકરંગી પદ્ધતિમાં ખૂબ પ્રચલિત હતી તેમાં પણ તેમણે પૅરિસના અભ્યાસકાળ દરમિયાન ત્યાંના એક ઇચિંગ-નિષ્ણાત કલાકાર પાસેથી શીખીને કળાજગતને બહુરંગી ઇચિંગની ભેટ આપી. આ ઉપરાંત ગ્રાફિક, જ્વેલરી, આઉટડોર સ્કલ્પચર ડિઝાઇન જેવી વિવિધતાભરી કળાઓમાં પણ સફળતા મેળવી શક્યા હતા. ૧૯૬૦માં પ્રાગ (ઝેકોસ્લોવિયા) જઈને ઇન્ડસ્ટ્રિયલ સિરેમિક્સની કળા હસ્તગત કરી. તેમણે સિરેમિક્સ રંગોના ૨૦૦ વિવિધ 'ટોન' ઉપયોગમાં લીધા હતા. તેઓ ભાર દઈને વિદ્યાર્થીઓને કહેતા કે ચિત્રકળા શીખવાની સાથે શિલ્પકળા, નૃત્યકળા, નાટ્યકળા ઉપરાંત બીજી બધી ઍપ્લાઇડ આર્ટ પણ શીખી લેવી જોઈએ. તેમના વિદ્યાર્થીઓ તેમને જાપાનના વિખ્યાત કલાકાર 'હોકુસાઈ' સમા ગણતા હતા !

તેઓ અમદાવાદના નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇન(એનઆઈડી)માં ડિઝાઇન એજ્યુકેશનના વિઝનને આકાર આપવા માટે સ્વપ્નદ્રષ્ટા હતા. તેમના શિક્ષણ-પ્રયોગોએ વિદ્યાર્થીઓ અને ડિઝાઇનરોને પ્રેરણા આપી છે. ડિઝાઇનમાં તેમનું યોગદાન હવે ભારતમાં ડિઝાઇન ઇતિહાસનો ખૂબ જ નોંધપાત્ર ભાગ ગણાયો છે. જીવનનાં આખરી વર્ષો તેમણે મુંબઈ-પનવેલ નજીક અલિબાગ રહીને વિવિધ કલા-કારીગરી કરતા રહ્યા. ત્યાંના દથરથ પટેલ મ્યુઝિયમમાં તેમણે સર્જેલી વિશિષ્ટ કલાકૃતિઓ સચવાયેલી છે.

'ત્વરા'નું અર્થઘટન કરીએ તો શબ્દોની મોટી હારમાળા બને : હોંશ, ઊલટ, તત્પરતા, ઝડપ, શીઘ્રતા, ચપળતા, ઉત્સાહ - આ બધા શબ્દો કલાકાર દશરથ પટેલના ચિત્રકામમાં ઊભરાતા સદ્ગુણો છે ! તેમની પીંછી કે સ્કેચપેન એક પણ ક્ષણ ચૂક્યા વિના દોડતી રહે છે, એટલે જ તો નૃત્યનો વેગ પકડવા માટે દશરથ પટેલ સક્ષમ બન્યા છે. કળાના વિદ્યાર્થીઓને તેમણે મંત્ર આપ્યા છે : 'જો તમે તમારાં પોતાનાં કામ જોઈને આશ્ચર્યચકિત થતા નથી, તો તમે એક સામાન્ય બેકર જેવા બની જાઓ છો, જે રોજ વેચવા માટે એકસરખા રાઉન્ડ બ્રેડ બનાવે છે.' ક્યારેક કોઈ પણ સ્થાપિત પદ્ધતિને અનુસરીને તમારી કલ્પનાને રૂંધશો નહીં અને તમે જે માનો છો તેનું જ અનુસરણ કરો. જો તમે તેનું સ્વપ્ન જોઈ શકો છો, તો તમે તેને પૂર્ણ કરી શકો છો.'

કલાકાર દશરથ પટેલના ગુરુ કલાચાર્ય દેવીપ્રસાદ રાય ચૌધરી મન મૂકીને પોતાના શિષ્યને પ્રેમથી તરબોળ કરતા હોય તેવું તેમના શબ્દોમાં ઝળકે છે :

મઝાર પર

'ભાઈ દશરથ પટેલ અને તેની કલાકૃતિઓ વિશે મારા વિચારો દર્શાવતાં મને મૂંઝવણ થાય છે, કારણ કે હાલ તે મારી પાસે વિદ્યાર્થી છે. એવા પ્રસંગે વિવેકની મર્યાદા આડે આવે છે, પણ તે સાથે ફરજથી સત્યનો આશરો લેવો પડે છે. એટલે હવે હું એ બેની વચ્ચેની સ્થિતિ પસંદ કરીને મારા વિવેચનનો કેટલોક ભાગ કલ્પના પર છોડી દઈશ.'

'ભાઈ દશરથમાં આપણા દેશના ખાનદાન કુટુંબને છાજે એવું વ્યક્તિત્વ છે અને આપણી સંસ્કૃતિનાં શ્રેષ્ઠ તત્ત્વોનો આદર કરનારા પૈકીના એક છે. અને એ રીતે તેની કૃતિઓમાં સહજ પ્રતિબિંબિત થતું તેનું વ્યક્તિસ્વરૂપ હું રજૂ કરું છું. તેનાં ચિત્રો વિશે હું ગૌરવપૂર્વક કહી શકું કે તેનામાં કલાકારની સાહજિક મનોવૃત્તિ અને સાથે આલેખનકારનું ધૈર્ય એકસાથે છે, આ બે તત્ત્વોના બળે કલાકારની શક્તિની પ્રતિષ્ઠા થાય છે.

અસલથી જ દશરથ કુદરતનો પૂજારી છે અને ખુલ્લા અવકાશમાં રહેવાનું તેને ગમે છે, જ્યાં તેને પૂર્ણવિકસિત વૈભવી મધુ રંગોવાળાં ફૂલોથી સુગંધિત વાયુલહરીનો સીધો સંસ્પર્શ ભોગવવાનું મળે છે. વિરાટ વિસ્તારવાળા ખખડધજ વડલાની મોહિની પણ તેને ઓછી નથી. આ શું મારી અસરમાંથી તેને મળ્યું છે ? એવો પ્રશ્ન હું વિચારું છું ત્યારે તેને લાગે છે કે તેની વસ્તુગૂંથણી મારાથી ભિન્ન નથી, પણ તેનું નિરૂપણ સાવ અનોખું છે અને તેમાં તેના વ્યક્તિત્વની પ્રબળ છાપ છે...મને સંતોષ છે કે પટેલની પીંછીની હથોટીમાંથી એક એવી શૈલી જન્મી છે કે સમજનારને પ્રતીતિ કરાવે છે કે લાગણી દર્શાવવામાં પીંછીનાં આંદોલનો પણ કેવો આનંદ આપી શકે છે.'

ડિઝાઇનક્ષેત્રે એક મહાન સ્વપ્નદ્રષ્ટા પ્રોફેસર દશરથ પટેલનું ૧ ડિસેમ્બર, ૨૦૧૦ના રોજ અવસાન થયું. ભારત સરકાર દ્વારા તેમને ડિઝાઇન અને ડિઝાઇન-શિક્ષણમાં ફાળો આપવા બદલ વર્ષ ૨૦૧૧માં પદ્મભૂષણ અને તે પહેલાં ૧૯૮૦માં પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા. ૨૦૦૭ દરમિયાન આઈઆઈટી બૉમ્બે ખાતે ભારતમાં ઈકોગ્રાડા ડિઝાઇન સપ્તાહ દરમિયાન ગ્રાન્ડમાસ્ટર ઍવૉર્ડથી કરાયેલું સન્માન તેમણે મેળવેલાં સન્માનોથી પણ વિશેષ ગણાય !

— રમેશ બાપાલાલ શાહ

ઉકેલ્યા વગરની ગૂંચ

'વિશ્વવિહાર'ના મે, ૨૦૨૧ના અંકમાં આદરણીય યશવંતભાઈ મહેતાના લેખ 'મુનશીની સામાજિક નવલકથાઓ'ના છેલ્લા પૅરેગ્રાફના અનુસંધાનમાં થોડુંક :

માત્ર મધુસૂદન પારેખે જ નહિ, મુનશી વિશે પીએચ.ડી. કરનાર સંશોધકોએ પણ આ વાત લખી છે અને લખે તે સ્વાભાવિક છે, કારણ મુનશીએ પોતે ૧૯૪૩માં પ્રગટ થયેલ આત્મકથા 'સીધાં ચઢાણ'માં આ વાત લખી છે :

'જ્યારે જ્યારે મને કોઈ પણ પ્રકારનો તીવ્ર ઉદ્વેગ થતો ત્યારે તેને અવલંબીને કોઈ કાલ્પનિક પ્રસંગ ઊભો કરી, તેને નોંધ દ્વારા વ્યક્ત કરવાની મને નાનપણથી ટેવ હતી, પણ તે અંગ્રેજીમાં જ. ૧૯૧૨ના જૂન કે જુલાઈમાં મને એવો ઉદ્વેગ થયો, ત્યારે ગુજરાતીમાં એ વ્યક્ત થઈ શકશે કે કેમ તેનો પ્રયોગ કરવા મેં 'મારી કમલા' નામક ટૂંકી વાર્તા લખી કાઢી. ચંદ્રશેખરે એનાં વખાણ કર્યાં અને ભાષાશુદ્ધિ કરી 'સ્ત્રીબોધ'માં છાપવા માટે મોકલી આપી.'

આ લખનારે પણ પહેલાં તો આ વાત સ્વીકારી લીધેલી. પણ પછી થયું : 'સ્ત્રીબોધ'માં એ વાર્તા છપાઈ ત્યારે કેવી દેખાતી હશે ? સાથે કાંઈ ચિત્ર-બિત્ર હશે ? એટલે 'સ્ત્રીબોધ'ની ૧૯૧૨ની ફાઈલનાં પાનાં ઉથલાવવા માંડ્યાં. (સારે નસીબે 'સ્ત્રીબોધ'ની ઘણાં વર્ષોની ફાઈલ કમ્પ્યૂટરવગી છે.) એક વાર નહીં, બે વાર ઉથલાવ્યાં. પણ તેમાં ક્યાંય 'મારી કમલા' વાર્તા જોવા જ ન મળી ! સંવત ૧૯૭૩ની દિવાળીના દિવસે જેની પ્રસ્તાવના લખાઈ હતી તે મુનશીનો વાર્તાસંગ્રહ 'મ્હારી કમલા અને બીજી વાતો' (પહેલી આવૃત્તિ) સદ્‌ભાગ્યે મળી ગયો. એક પાનાની મુનશીની પ્રસ્તાવનામાં લખ્યું છે :

''સને ૧૯૧૧ની સાલથી મ્હેં ટૂંકી વાર્તાઓ લખવા માંડી ત્યારથી અત્યાર સુધી લખાયેલી વાર્તાઓનો આ સંગ્રહ પ્રગટ થાય છે. ત્હેમાંની 'મ્હારી કમલા' સુન્દરી સુબોધમાં, 'એક સાધારણ અનુભવ' કપોળમાં, 'કોકિલા' ગુજરાતીના દિવાળીના અંકમાં, 'મ્હારો ઉપયોગ', 'ગૌમતિ દાદાનું ગૌરવ', 'મ્હારા બચાવમાં' એ સમાલોચકમાં, 'એક પત્ર' અને 'શકુન્તલા અને દુર્વાસા' ભાર્ગવ ત્રૈમાસિકમાં, 'નવી આંખે જૂના તમાસા' વીસમી સદીમાં અને બાકીની ચાર 'નવજીવન અને સત્ય'માં જુદા જુદા તખલ્લુસ નીચે પ્રગટ થઈ હતી.'' (જોડણી મૂળ પ્રમાણે.) તરત 'સુન્દરી સુબોધ'ની ૧૯૧૨ની ફાઈલ ઉથલાવવાનું શરૂ કર્યું. (ફરી કમ્પ્યૂટરની કૃપાથી.) 'સુન્દરી સુબોધ'ના જૂન ૧૯૧૨ના અંકના, ૩૫૮મા પાને 'મ્હારી કમલા' વાર્તા શરૂ થાય છે. વાર્તા કોઈ તખલ્લુસથી પ્રગટ થઈ નથી. 'મ્હારી કમલા'ની નીચે કૌંસમાં લખ્યું છે : 'લેખક : કનૈયાલાલ માણેકલાલ મુનશી. બી.એ., એલએલ.બી.' એટલે 'મ્હારી કમલા' છપાયેલી 'સ્ત્રીબોધ' માસિકમાં નહીં, પણ 'સુન્દરી સુબોધ' માસિકમાં; અને કોઈ તખલ્લુસથી નહિ, પણ મુનશીના નામે જ.

સુન્દરી સુબોધ.

વર્ષ ૯ મું.] ઇ. સ. ૧૯૧૨, જુન: જ્યેષ્ઠ-આષાઢ, વિ. સં. ૧૯૬૮. [અંક ૧૦ મો.

૩૫૮ સુન્દરી સુબોધ.

વાર્તાલહરી.

મ્હારી કમલા.

(લેખકઃ કનૈયાલાલ માણેકલાલ મુનશી. બી. એ. એલ.એલ. બી.)

ભલે તમે માનો કે ન માનો, પણ કેટલાંક જીવનપર કમનસીબના ચારે હાથ હોય છે. અથથી ઇતી સુધી સુખનાં સ્વપ્ન પણ દુર્લભ હોય છે, તેનો દાખલો જોઇએ તો હું ! જન્મથી એક પાસો સીધો પડ્યો નથી, એક કામ નિર્વિઘ્ને પાર પડ્યું નથી, એક અવસર વાંધા વગરનો ગયો નથી. કોઇકોઇ વખત તો ઈશ્વરની ભલાઇ વિષે પણ સંશય થાય છે! નહિ તો શા સારૂ જન્મ આપતાંજ માતા પોતાના પહેલા પુત્રનું મુખકર શ્રવન સાંભળ્યા વિના સ્વધામ જાય છે ? શા સારૂ ગરીબ પિતા એકના એક પુત્રની કાંઇપણ ગોઠવણ કે સુપ્રત કર્યા શિવાય એક વર્ષમાં પોતાની પત્ની પાછળ સ્વર્ગે સીધાવે ?—હશે, ગયાં. બાલપણની ભોળી અને અજ્ઞાન નિર્દોષતામાં બ્હાલાંને વિસાર્યાં અને એકલાપેજ સૃષ્ટિની નિર્જનતામાં ભટકવાનો આરંભ કર્યો. શી મુશ્કેલીયે ભરેયો—ક્યાં ક્યાં આથડ્યો—ક્યાં ખાધું-ક્યાં સુતો એની કોને દરકાર ? બ્હેરી દુનિયાને સંભળાવે શો કાયદો ? બાકીથ વર્ષે ભયંકર પ્રમાણે સારે ધર્મે વળગી એકલા જીવનના લેવાય તેટલા બ્હાવા લેવાની શરૂઆત કરી.

પણ મુનશીએ ‘સીધાં ચઢાણ’માં ‘મ્હારી કમલા’ના પ્રથમ પ્રકાશન વિશે માત્ર આટલું જ નથી લખ્યું. બીજું પણ લખ્યું છે અને તે વધુ ગૂંચવાડો ઊભો કરે તેવું છે. ‘‘ગુજરાતમાં ત્યારે એક પ્રખર ને ચીવટવાળા સાહિત્યકાર હતા. જે ગુજરાતી સાહિત્યની રગેરગ પિછાણતા. એમણે સાહિત્યસેવામાં જ જીવનનું સાર્થક્ય ગણ્યું હતું. એમણે ‘સ્ત્રીબોધ’માં છપાયેલી ‘ઘનશ્યામ વ્યાસ’ની વાર્તા વાંચીને એ ‘વ્યાસ’નો પીછો પકડ્યો. આ કોઈ નવો લખનાર છે કોણ ? જૂનામાંથી કોઈ આવું લખે તેમ નથી. એમણે ‘સ્ત્રીબોધ’માં તપાસ કરાવી ને ચંદ્રશંકરનો પત્તો મેળવ્યો. ચંદ્રશંકરને લઈ એ મારે ત્યાં આવ્યા. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા મારી ઓરડીએ ! મેં આવકાર આપ્યો. નરસિંહરાવભાઈએ મુક્ત કંઠે ગુજરાત સાહિત્યક્ષેત્રમાં મને આવકાર આપ્યો.’’

મુનશીની આ વાત આમ તો સીધી, સાદી, સાચી લાગે છે. પણ ઝીણવટથી વાંચતાં કેટલીક મુશ્કેલી ઊભી થાય છે. પહેલી વાત એ કે મુનશીની પહેલી વાર્તા ‘મ્હારી કમલા’ ‘ઘનશ્યામ વ્યાસ’ના તખલ્લુસથી પ્રગટ થઈ જ નહોતી. આપણે અગાઉ જોયું તેમ ‘કનૈયાલાલ માણેકલાલ મુનશી, બી.એ., એલએલ.બી.’ એવા પોતીકા નામે જ તે ‘સુન્દરી સુબોધ’ના જૂન, ૧૯૧૨ના અંકમાં પ્રગટ થઈ હતી. એટલે નરસિંહરાવભાઈએ ‘ઘનશ્યામ વ્યાસ’નો પીછો પકડવાનો સવાલ જ નહોતો. ‘નવો લખનાર’ કનૈયાલાલ માણેકલાલ મુનશી હતો એ સ્પષ્ટ હતું.

નરસિંહરાવ દિવેટિયાએ ૧૮૯૨થી ૧૯૩૫ સુધી ખૂબ જ વિગતવાર ડાયરી લખી છે જે ૧૯૫૩માં પુસ્તક રૂપે પ્રગટ થઈ હતી. સંપાદકો હતા ધનસુખલાલ કૃ. મહેતા અને રામપ્રસાદ પ્રે. બક્ષી. ડાયરી લખવાની નરસિંહરાવભાઈની પદ્ધતિ વિલક્ષણ હતી. પોતાની પાસે નાની ખિસ્સાડાયરી સતત સાથે રાખતા. જે કાંઈ બને, જુએ, વાંચે, લખે, સાંભળે, તેની ટૂંકી નોંધ તરત લખી લે. પછી તેને આધારે રોજ રાત્રે મોટા ચોપડામાં વિસ્તૃત નોંધો લખે. વાંદરાથી કોઈને મળવા ગયા હોય તો પોતે કેટલા વાગ્યાની લોકલ ટ્રેનમાં બેઠા, કેટલા વાગે ઊતર્યા તે નોંધે. ટ્રેનમાં કોઈ ઓળખીતું મળ્યું હોય કે નવી ઓળખાણ થઈ હોય તો એ પણ નોંધે. પોતે સામે ચાલીને મુનશીને ઘરે ગયા હોય અને તેમની વાર્તાનાં વખાણ કર્યાં હોય તો એ વાત નરસિંહરાવ પોતાની ડાયરીમાં નોંધે જ નોંધે. પણ તેમની ડાયરીમાં આવો કોઈ પ્રસંગ નોંધાયેલો જોવા મળતો નથી. પણ મુનશી સાથેનો પોતાનો પહેલો મેળાપ નરસિંહરાવભાઈએ ડાયરીમાં નોંધ્યો છે જ. પણ તેની વિગતો મુનશીએ કહી તેના કરતાં સાવ જુદી છે. નરસિંહરાવભાઈ નોંધે છે : 'વાંદરા - તા. ૨૩-૬-૧૨, રવિવાર. આજે (યુનિયનની સભામાં) એક કન્હૈયાલાલ માણેકલાલ મુનશીની ઓળખાણ ચંદ્રશેખરે કરાવી. એડવોકેટ માટે ટર્મ ભરે છે. ફેબ્રુ.માં પરીક્ષા આપશે - વાત કાઢતે હેમણે જ કહ્યું કે મ્હારા કાકા હરદેવરામ (ભરૂચના) હતા, સબજજ, ત્હેમને ઓળખતા હશે. હરદેવરામ માસ્તર ! મ્હોટા ભાઈની વખતનું ઓળખાણ !' (જોડણી મૂળ પ્રમાણે.)

૧૯૪૩માં 'સીધાં ચઢાણ' પ્રગટ થઈ તે પહેલાં ૧૯૩૭માં નરસિંહરાવભાઈનું અવસાન થયું હતું. નહિતર મુનશીએ જે લખ્યું તે અંગે તેમણે ખુલાસો કર્યો જ હોત. તો બીજી બાજુ નરસિંહરાવ જેવાની બાબતમાં આખી વાત મુનશીએ કશા આધાર વગર ઉપજાવી કાઢી હોય એમ માનવાનું પણ મન ન થાય. એટલે આ ગૂંચ ઊકલ્યા વગરની જ રહે છે.

– દીપક મહેતા

વાચકમિત્રોને

છેલ્લાં બાવીસ વર્ષથી 'વિશ્વવિહાર' આપને મળે છે. આપને તે રુચ્યું હોય અને ઉપયોગી લાગ્યું હોય તો તેનું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦નું મ. ઑ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩ – એ સરનામે મોકલશો. ત્રણ વર્ષનું લવાજમ (૪૫૦ રૂ.) પણ એકસાથે ભરી શકાશે. ડ્રાફ્ટ કે ચેક **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામનો મોકલવો.

ઈ-લવાજમની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481
Bank Name : Bank Of Baroda, Usmanpura Branch
IFS Code : BARB0USMANP (5th Character is Zero)

ઈ-લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સ એપ (9898042699) તથા પત્ર દ્વારા જાણ કરવી.

જો હું વાઘ હોઉં તો !

સાહિત્યની એક સંસ્થા દર મહિને એક વાર કોઈ ને કોઈ લોકપ્રિય લેખક સાથે પોતાના સભ્યોનું મિલન યોજે છે. આ કાર્યક્રમમાં લેખક પોતાની કૃતિઓ વિશે વાત કરે છે અને આ પછી પ્રશ્નોત્તરી થાય છે. હું લોકપ્રિય લેખક તો ન ગણાઉં; આમ છતાં, લોકપ્રિય લેખકો માટેના આ કાર્યક્રમમાં મારે જવાનું થયું ! ચમત્કારો આજેય બને છે એની મને ખાતરી થઈ ગઈ. એક ખૂબ જ લોકપ્રિય લેખક આવી ન શક્યા અને નહીં આવી શકે એવી જાણ પણ એમણે ઘણી મોડી કરી. લગ્ન લખાઈ ગયાં હોય, કંકોતરીઓ વહેંચાઈ ગઈ હોય, કન્યાને પીઠી ચોળાઈ ચૂકી હોય એ વખતે વરપક્ષને કંઈ વાંકું પડે ને જાન ન આવે એવે વખતે ક્યાંય ઠેકાણું ન પડતું હોય એવા માણસનાં ભાગ્ય એકાએક ઊઘડી જાય છે અને જાનમાં જવાનો ચાન્સ પણ માંડ માંડ લાગતો હોય એવો માણસ વરરાજા બની જાય છે, એ રીતે હું એકાએક લોકપ્રિય લેખક ગણાઈ ગયો. છ વાગ્યે શરૂ થનારા કાર્યક્રમ માટે આયોજકો પોણા પાંચ વાગ્યે મને બોલાવવા આવ્યા. એમનો કાર્યક્રમ બચવાનો અને – ભલે એક દિવસ માટે – મારી ગણતરી લોકપ્રિય લેખકમાં થવાનો યોગ હશે એટલે આયોજકો મારું ઘર શોધતા આવ્યા ત્યારે એમના ને મારા સદ્‌ભાગ્યે હું ઘેર જ હતો.

સભાસ્થળે પહોંચીને મેં મારી સાહિત્યકૃતિઓ (જે મોટા ભાગનાંએ વાંચી નહોતી) વિશે વાત કરી. એ પછી પ્રશ્નોત્તરી શરૂ થઈ. થોડો વખત તો પ્રશ્નોત્તરી પણ ઠીક ચાલી; પણ, એકાએક એક સભ્યે પૂછ્યું, 'તમે વાઘ હો તો !' પ્રશ્નના જવાબમાં ત્રાડ પાડવાને બદલે મારા મોંમાંથી તીણી ચીસ નીકળી ગઈ. હું વાઘ હોઉં એવું મેં સપનેય કલ્પ્યું નહોતું. થોડી વાર મેં ગલ્લાંતલ્લાં કર્યાં અને પ્રશ્ન ઑપ્શનમાં કાઢી નાખ્યો. વાઘ ન હોવા છતાં મારો શિકાર થઈ ગયો એવી લાગણી સાથે હું ઘેર આવ્યો.

ઘેર આવ્યો એટલે મારાં પત્નીએ તરત પૂછ્યું, 'કાર્યક્રમ કેવો રહ્યો ?'

'પ્રિયે ! ધાર કે હું વાઘ હોઉં તો !' સસલાના જેવી સૌમ્યતાથી મેં પૂછ્યું.

'હેં !' પત્ની ગભરાઈ ગઈ હોય એમ લાગ્યું. 'હું વાઘ હોઉં તો !' એવી કલ્પનામાત્રથી પત્ની ડરી ગઈ તેથી મને થોડી હિંમત આવી. મેં કહ્યું, 'ડર નહીં, આ તો માત્ર કલ્પના કરવાની જ વાત છે.'

'એમાં કલ્પના કરવાનો સવાલ જ નથી. તમે વાઘ હો એવું મને, આટલાં વર્ષના અનુભવ પછી સપનુંય ન આવે. આ તો મિત્રોના આગ્રહથી પી-બીને આવ્યા છો કે શું એવો વિચાર આવ્યો એટલે ડરી ગઈ.'

જોકે પત્ની કે મિત્રોની વાત છેક ખોટી ન ગણાય. હું વાઘ હોઉં એવું હું પોતે જ માની ન શકું, પછી અન્યના માનવાનો સવાલ જ ક્યાંથી ઉદ્‌ભવે ?' એક વાર એક સામયિકના તંત્રીએ 'તમને કયું પ્રાણી થવું ગમે ?' એવો સવાલ પૂછેલો. એ વખતે પણ મને સિંહ કે વાઘ થવું ગમે એમ કહેવાનો વિચાર નહોતો આવ્યો. ગધેડો થવું

ગમે એવો વિચાર આવેલો અને એવો જવાબ લખેલો પણ ખરો. (ગધેડો જ કહેવાઉં ને!') ગધેડાની જેમ મજૂરી કરવામાં, ડફણાં ખાવામાં જિંદગી ગઈ છે. ઘરના સભ્યો દબડાવે, પાડોશીઓ દબડાવે, બૅંકના કારકુનો દબડાવે, બસના કંટક્ટરો દબડાવે, ઑફિસમાં બૉસ તો દબડાવે પણ પટાવાળાય દબડાવે ! એટલે સિંહ કે વાઘ હોવાનો વિચાર આવે જ કેવી રીતે ? 'મને ગધેડો થવું ગમે' એવો મારો જવાબ એ સામયિકમાં પ્રગટ થયો ત્યારે મારા મિત્રોએ સર્વાનુમતે અભિનંદન આપતાં કહેલું, 'ક્યારેક ક્યારેક તું સાચું પણ વિચારે છે એ આનંદની વાત છે.'

હું વાઘ હોઉં એવું મોટેરાંઓ તો ઠીક બાળકો પણ માનવા તૈયાર ન થાય એની મને ખાતરી છે. 'વાઘ' માટે હિંદીમાં 'બાઘ' શબ્દ છે. 'બાઘ' પરથી ગુજરાતીમાં 'બાઘડો' શબ્દ બન્યો છે. બાઘડો બની જ્યારે જ્યારે મેં નાનાં બાળકોને ડરાવવાનો પ્રયત્ન કર્યો છે ત્યારે ત્યારે ડરવાની વાત તો બાજુ પર રહી; ઊલટું, બધાં બાળકોએ સંપીને મારા પર હિંસક હુમલાઓ કર્યા છે !

ગુજરાતી 'વાઘ' શબ્દ સંસ્કૃત 'વ્યાઘ્ર' શબ્દ પરથી બન્યો છે. 'જે સૂંઘતો સૂંઘતો જાય છે એ વ્યાઘ્ર.' બીજાં પ્રાણીઓને મુકાબલે વાઘની સૂંઘવાની શક્તિ ઘણી વધારે હોય છે. પાવરફુલ નાકને કારણે આ પશુ 'વ્યાઘ્ર' તરીકે ઓળખાયું. નાકના મુદ્દા પર પણ વાઘ હોવાનો મારો કેસ ટકી શકે એમ નથી. મારું નાક લગભગ આઉટ ઑફ ઑર્ડર હોય છે. નાકને કારણે આંશિક રીતે હું સ્થિતપ્રજ્ઞ હોવાનો દાવો કરી શકું એમ છું. મારું નાક સ્થિતપ્રજ્ઞ છે. સુગંધ કે દુર્ગંધ એને ખાસ સ્પર્શી શકતાં નથી. મોટાં ઉપવનોમાં કે મોટા ઉકરડાની સમીપમાં મારું નાક હંમેશાં તટસ્થ રહે છે. સળેખમ વખતે છીંક ખાવી અને ચશ્માં માટે સ્ટૅન્ડનું કામ આપવું આ સિવાય મારા નાકનો ખાસ કશો ઉપયોગ હોય એવું મને કદી લાગ્યું નથી.

વાઘની ત્રાડનો ધ્વનિશાસ્ત્રની દૃષ્ટિએ અભ્યાસ કરવા સંસ્કૃત વ્યાકરણના કર્તા ભગવાન પાણિનિ જંગલમાં ગયા હતા એ વખતે એક વાઘે એમને મારી નાખેલા. હું ભણતો ત્યારે સંસ્કૃત વ્યાકરણનું મેં અનેક વાર ખૂન કરેલું. વાઘે પાણિનિને મારી નાખેલા અને મેં પાણિનિએ રચેલા વ્યાકરણનું અનેક વાર ખૂન કરેલું. એટલે તર્કશાસ્ત્રના આધાર પર હું વાઘની સમકક્ષ ગણાઉં; પણ મારે ઊંડા અફસોસ સાથે કહેવું પડે છે કે જગત મારું આ તર્કશાસ્ત્ર સમજવા જેટલું બુદ્ધિશાળી નથી અને સ્વીકારવા જેટલું ઉદાર નથી.

જોકે એક વાર માત્ર એક વાતે મને વાઘ હોવાનો વહેમ આવેલો ખરો. એ દિવસોમાં મારું મકાન તૈયાર થતું હતું. 'વાઘ આવ્યો રે વાઘ'ની ખાલી ખોટી બૂમ પડે તોય નાસભાગ થવા માંડે એમ એ દિવસોમાં હું જ્યાં ક્યાંય જતો ત્યાં નાસભાગ થવા માંડતી. એક નજીકના મિત્રને મેં પૂછ્યું, 'હું એટલો બધો પ્રભાવશાળી લાગું છું કે મારા આવવા માત્રથી લોકો આઘાપાછા થઈ જાય છે ?'

'એવું નથી.' મિત્રે સ્પષ્ટતા કરતાં કહ્યું, 'મકાન માટે તું પૈસા ઉછીના માગીશ એવી બધાંને બીક લાગે છે.' આ સ્પષ્ટતા પછી વાઘ હોવાનો વહેમ પણ ક્યારેય આવ્યો નથી.

હું ગમે તે હોઉં પણ 'વાઘ' તો ન જ હોઉં એવા નિષ્કર્ષ પર પહોંચી નિરાશ થતો હતો ત્યાં મારા મગજમાં ઝબકારો થયો. 'કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે.' એવું કવિએ કહ્યું છે તે તદ્દન સાચું છે એની મને ખાતરી થઈ. 'વાઘ' માટેના

હિન્દી શબ્દ 'બાઘ' પરથી ગુજરાતીમાં 'બાઘડો' શબ્દ બન્યો છે. એ રીતે 'બાઘો' શબ્દ પણ બન્યો છે. 'બાઘો' એટલે ઓછી સમજવાળો, ઓછી અક્કલવાળો. મને 'બાઘો' જ નહીં, 'બાઘોત્તમ' (બાઘાઓમાં પણ ઉત્તમ) કે 'બાઘાશ્રેષ્ઠ' (બાઘાઓમાં શ્રેષ્ઠ) ગણવા મને ઓળખનારાં સૌ એકમતીથી સંમત છે. ખેર ! 'બાઘ' નહીં તો 'બાઘા સહી' એમ માની મેં મન મનાવ્યું છે.

નોંધ : આ લખ્યા પછી ભાષાશાસ્ત્રના એક વિદ્વાનને મેં ફોન કરીને પૂછ્યું તો એ કહે, 'બાઘડો' અને 'બાઘો' શબ્દ 'બાઘ' પરથી નથી બન્યા. સંસ્કૃત 'વ્યગ્ર' શબ્દ પરથી બન્યા છે. પહેલાં તો આ સાંભળતાં જ હું વ્યગ્ર થઈ ગયો, પણ પછી સ્વસ્થ થઈને વિચાર્યું કે વિદ્વાનોમાં તો કેટલા બધા મતભેદ હોય છે ! 'છ વિદ્વાનો વચ્ચે સાત અભિપ્રાયો હોય છે', એવી અંગ્રેજીમાં એક ઉક્તિ છે. એટલે આ વિદ્વાનનો અભિપ્રાય આપણે સ્વીકારવો નહીં. બીજો નિર્ણય એવો કર્યો કે હવે પછી આપણે માનતા હોઈએ એ જ માનવું, બીજા કોઈનો અભિપ્રાય લેવો નહીં.

'સાચું એ મારું' એવું માનનારા આ જગતમાં દુઃખી થાય છે અને 'મારું એ સાચું' એવું માનનારા સુખી થાય છે. આજના જગતનું આ જ કદાચ પરમ સત્ય છે !

– રતિલાલ બોરીસાગર

'એ' તમારી સાથે

જાપાનની ખૂંખાર કેદીઓ રાખતી જેલના જેલરને એક નાનકડી માસૂમ છોકરીએ નાનકડા હાથથી અને નિર્દોષ આંખથી એક બંડલ આપતાં કહ્યું, 'તમે આજે ફાંસીને માંચડે ચડનારા કેદીને આ મારું નાનકડું પૅકેટ પહોંચાડશો ? એમાં થોડાં ધાર્મિક પુસ્તકો છે અને ફાંસીની સજા પામનાર કેદીને ઉદ્દેશીને લખેલો પત્ર છે.'

જેલરનું પ્રારંભનું આશ્ચર્ય સ્વીકારમાં બદલાયું. ફાંસીની સજા પામેલા કેદીને અજાણી બાલિકાએ મોકલેલું ધર્મગ્રંથો અને પત્રનું પૅકેટ મળ્યું. એ નાનકડી છોકરીએ હત્યારા કેદીને ઉદ્દેશીને લખ્યું હતું, 'આ રીતે આપને પત્ર લખી રહી છું તે માટે મને ક્ષમા કરજો. હું પ્રાથમિક શાળામાં ભણતી નાનકડી છોકરી છું. મેં હમણાં વાંચ્યું કે ઈશ્વર જગતની તમામ વ્યક્તિઓને પોતાના સંતાનની માફક ચાહે છે, પછી એ વ્યક્તિ સારી હોય કે ખરાબ. ઈશ્વર આપણને ચાહતા હોવાથી આપણી ભૂલોને માફ કરી દે છે. આથી તમે હિંમત હારશો નહિ, 'એ' તમારી સાથે જ છે.'

ફાંસીની સજા પામેલા કેદીએ 'ડેથ સેલ'માં આ પત્ર વાંચ્યો અને એણે પત્રનો જવાબ લખ્યો, 'નાની છોકરી, તારો ખૂબ ખૂબ આભાર, મારા જેવી નિષ્ઠુર વ્યક્તિ પ્રત્યે આટલી મધુર અને માયાળુ લાગણી દાખવવા માટે ! તારો આ પત્ર ફક્ત મારે માટે જ નથી, પરંતુ જગતમાં વસતા મારા જેવા તમામ પાપીજનો માટે છે. મેં ત્રણ માણસોની હત્યા કરી હતી. પણ તારો નાનકડો પત્ર વાંચ્યા પછી મને ખાતરી થઈ છે કે ઈશ્વર અપાર કરુણા ધરાવતો હોવાથી મને માફ કરશે. હિંસા અને હત્યા કરનાર એના સંતાન એવા મારા તરફ દયાભાવ દાખવશે.

'હે પ્રિય એવી નાની છોકરી ! તારો પત્ર મળ્યો એ પહેલાં હું ઈશ્વરથી ગભરાતો હતો. હવે મને ખબર પડી કે એ મારા જેવા પ્રત્યે પણ દયાળુ છે, આથી તેઓ મને ક્ષમા આપે તે માટે પ્રાર્થના કરું છું. તારા પર સદૈવ ઈશ્વરના આશીર્વાદ ઊતરતા રહો.'

વિદગ્ધ રંગકર્મીની રંગયાત્રા અને રંગચિંતન

ગુજરાતી રંગભૂમિને રાષ્ટ્રીય કક્ષાએ આગવી ઓળખ આપનાર વિલક્ષણ અને વિદગ્ધ રંગકર્મી, સ્વ. ભરત દવેનો નશ્વરદેહ ૧૫મી મે, ૨૦૨૧ના રોજ ભલે પંચમહાભૂતોમાં વિલીન થઈ ગયો પણ તેમનો અક્ષરદેહ તો ચિરકાલીન છે, શાશ્વત છે, શબ્દ રૂપે તેઓ સતત પુનરુત્થાન પામતા રહેવાના છે. ઈસવી સનની નવી સદીના આરંભે શારીરિક અસ્વસ્થતાને લીધે સક્રિય રંગકર્મી તરીકે પોતાની રંગલીલા સંકેલી લીધી પણ પડદાની પાછળ એક વિરલ રંગચિંતક તરીકે તેઓ લાગલાગટ વીસ વર્ષ સુધી અંતિમ શ્વાસ પર્યન્ત નવાં નવાં સોપાનો સર કરતા રહ્યા. તેમની ઝળહળતી રંગયાત્રા અને તેમના વિદ્વત્તાપૂર્ણ, ઓજસ્વી રંગચિંતન વિશે નવી પેઢીને અવગત કરાવવાના વિશિષ્ટ ઉદ્દેશ્યથી ગુજરાત વિશ્વકોશના મુખપત્ર 'વિશ્વવિહાર'માં ભરત દવેના અક્ષરદેહવિષયક આરંભેલી મારી આ લેખમાળા સદ્‌ગતને એક નમ્ર શ્રદ્ધાંજલિ છે.

જયશંકર 'સુંદરી'કૃત 'થોડાં આંસુ, થોડાં ફૂલ' કે અમૃત જાનીકૃત 'અભિનય પંથે' જેવી અનુભવકથાઓની પરંપરામાં લખાયેલ, સન ૨૦૧૨માં પ્રકાશિત 'મારી રંગયાત્રા' પુરોગામીઓનાં તદ્‌વિષયક પુસ્તકો કરતાં કઈ રીતે જુદું પડે છે તે વિશે વાત કરતાં આદરણીય ધીરુભાઈ ઠાકર, 'અભિજાત કલાકારની રોમાંચક અનુભવકથા' એવું શીર્ષક ધરાવતી તેમની પ્રસ્તાવનામાં માર્મિક વિધાન કરે છે - પુરોગામીઓની અનુભવકથાઓમાં અભણ કળાકારોની નાટ્યપ્રવૃત્તિનો અણસાર મળે છે, જ્યારે શ્રી ભરત દવેનું આ પુસ્તક શિક્ષિત કળાકારની સંઘર્ષકથા છે. નાટક અને રંગભૂમિની કળાના મરમી, સર્જક કળાકાર, ભરત દવેની કલાસાધનાની આ કથામાં અંગત જીવનની સાથે તેમની 'રંગયાત્રા'ની વિગતો સતત ધ્યાન ખેંચતી રહે છે.

નાટ્યકળા અને રંગભૂમિની ઉપાસના જેનું જીવનકાર્ય બની ગયું હતું એ ભરત દવેની રંગયાત્રાના ત્રણ પડાવ અહીં સવિસ્તર આલેખાયા છે. પહેલો પડાવ, નાટ્યકળાને વ્યવસાય તરીકે અપનાવવા માંગતા અદના અદાકારના કુટુંબના વડીલો સાથેના



સંઘર્ષને નિરૂપે છે. ધીરુભાઈ સાચું જ કહે છે, 'હૃદયને આનંદથી નચાવે તેવાં નાટકો જોવાનું ગુજરાતી પ્રજાને ગમે છે, પણ પોતાનું સંતાન નાટ્યક્ષેત્રને વ્યવસાય તરીકે સ્વીકારે એ તેમને મંજૂર નથી.' નાટક પ્રત્યેના આ પૂર્વગ્રહે ગુજરાતી રંગભૂમિની વિરુદ્ધ ખલપાત્રનું કામ કર્યું છે. નાનપણથી જ થિયેટરને સમર્પિત જીવન જીવવાની મહત્ત્વાકાંક્ષા ભરત દવેને હતી પણ કુટુંબના વડીલોએ તેનો વિરોધ કર્યો. નાટક-સંગીત-ચિત્ર વગેરે કલાક્ષેત્રો આજીવિકાના મુખ્ય સાધન

શ્રી કુમુદિનીબહેન લાખિયાના હસ્તે સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ સ્વીકારતા શ્રી ભરત દવે

તરીકે નિષ્ફળ જાય તો તેને વિકલ્પે બીજું પાયાનું શિક્ષણ લેવું સલામતીભર્યું ગણાય એવી વડીલોની સલાહ હતી. ભરત દવેને આવી સલામતી-કેન્દ્રિત માનસિકતા હરગિજ મંજૂર નહોતી. તેઓ સ્પષ્ટપણે માનતા કે જીવનમાં બધેય અગાઉથી જ સલામતી ખોળ્યા કરતો માણસ ક્યારેય કોઈ નવું સાહસ કરી શકતો નથી કે ક્યારેય કશું નવું પામી શકતો નથી એટલે તેઓ પોતાના આગ્રહને દૃઢપણે વળગી રહ્યા. વડીલો એમ પણ કહેતા કે માત્ર શોખ તરીકે નાટક કે સંગીતને રાખવાથી તેની શુદ્ધતા સચવાય અને પોતાની સ્વતંત્ર પસંદગી પણ જાળવી શકાય તો ભરત દવેનો જવાબ હતો, 'કોઈ અદ્‌ભુત પ્રદાન, કોઈ નોખી તરાહ, કોઈ નવાં સીમાચિહ્નો ત્યારે જ રચાય જ્યારે પ્રવૃત્તિ શોખ નહિ પણ તમારું જીવનધ્યેય કે તમારું જીવન ટકાવી રાખનાર પ્રાણ, તમારો શ્વાસોચ્છ્વાસ બની જાય.' રંગમંચક્ષેત્રે કારકિર્દી ઘડવા માંગતા આજના યુવાનો માટે ભરત દવેનો આ જીવનસંદેશ છે. જોકે વડીલોના દબાણને વશ થઈ ભરત દવે એમ.એ., એલએલ.બી. સુધીનું ઔપચારિક શિક્ષણ લે છે ને પોતાની ઇચ્છાવિરુદ્ધ જામનગર કૉલેજમાં અર્થશાસ્ત્રના અધ્યાપકની નોકરી પણ કરે છે, તેમ છતાં નાટક અને રંગભૂમિ પરત્વેનું અસીમ આકર્ષણ તો સતત રહ્યા કરે છે. કેવળ નાટક જ નહીં; નૃત્ય, ગાયન, ચિત્રકળા અને સિતારવાદનમાં પણ એટલો જ સક્રિય રસ. અને એ ક્ષેત્રે આરંભિક તબક્કે જે કાંઈ કર્યું તેની ભરપૂર પ્રશંસા પણ થઈ.

ગુજરાતમાં અવૈજ્ઞાનિક ધોરણે ચાલતી નાટ્યપ્રવૃત્તિને લીધે વ્યાવસાયિક ધોરણે જો નાટકમાં ઝંપલાવવું હોય તો મુંબઈ જ જવું પડે. એટલે જામનગરમાં મળેલી કાયમી નોકરીમાંથી રાજીનામું આપી એમણે મુંબઈની વાટ પકડી. ત્યાં સ્નેહી સ્વજન પ્રો. વિષ્ણુકુમાર વ્યાસની મદદથી દૂરદર્શન પર નિર્માણ-સહાયકની કંટાળાજનક અને અપમાન અવગણનાની પીડાદાયક અનુભવ કરાવનારી કામગીરી કરવાની સાથે સાથે નાટ્યસંઘ દ્વારા સંચાલિત નાટ્ય-ડિપ્લોમાના વર્ગો પણ ભરવા માંડ્યા. 'માયાનગરીમાં મારી કથા-વ્યથા' પ્રકરણથી આરંભાતા રંગયાત્રાના આ બીજા પડાવ અંતર્ગત તેમણે પ્રવીણ જોશી સાથેની પ્રથમ મુલાકાતનો કિસ્સો રસપ્રદ રીતે આલેખ્યો છે તો અરવિંદ

ઠક્કર દિગ્દર્શિત 'સોળમી જાન્યુઆરીની મધરાતે' રહસ્ય-કોર્ટરૂમ ડ્રામામાં ભજવેલી, એક પણ સંવાદ વગરની ચૂપચાપ બેસી રહેવાની પબ્લિક પ્રૉસિક્યૂટરના સહાયક તરીકેની ભૂમિકા વિશે પણ ઉમળકાથી લખ્યું છે. જોકે પોતાનું ચિરસેવિત સ્વપ્ન સિદ્ધ કરવાનો એ એક નિષ્ફળ પ્રયાસ હતો. છેવટે વિષ્ણુકુમાર વ્યાસ તેમને ત્રણ વર્ષનો નાટ્યતાલીમ અભ્યાસક્રમ શીખવા માટે દિલ્હીની નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામામાં દાખલ થવાની સલાહ આપે છે એટલું જ નહીં, આ રાષ્ટ્રીય નાટ્યવિદ્યાલયના નિયામક શ્રી અલ્કાઝી પર પત્ર લખી સ્કૉલરશિપ સાથે તેમને પ્રવેશ આપવાની ભલામણ પણ કરે છે. નાટ્યક્ષેત્રે આગળ વધવાની પોતાની ઘેલછાને પોષીને સફળ કરવામાં જેમનાં હૂંફ અને પ્રેરણા મદદરૂપ બન્યાં એ વિષ્ણુકુમાર વ્યાસને તેઓ આજીવન ભૂલ્યા નહીં, તેમનું ઋણ સદાય વાગોળતા રહ્યા.

નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામા ખાતે વિતાવેલાં ત્રણ વરસની ઉત્તમ રીતે ઝાંખી કરાવતા આ દ્વિતીય પડાવ વિશે ડૉ. ધીરુભાઈ ઠાકરે સરસ નુક્તેચીની કરી છે. તેઓ લખે છે, 'દિલ્હીની એનએસડીમાં તેમને ચિત્ર અને સંગીત સહિત નાટ્યકલાની પોતાની સુરુચિયુક્ત જાણકારી પ્રગટ કરવાની મોટી તક મળે છે. તેમનો એ ત્રણ વર્ષનો અનુભવ ક્લાઇડોસ્કોપ જોઈને રંગરંગીલી સૃષ્ટિનો કોઈ રસિકજન પરિચય કરાવતો હોય એવી ઊલટથી તેમણે અલ્કાઝી જેવા વિદગ્ધ રસનાં નાટકો, તેના અવનવા પ્રયોગો તેમજ નવા આગંતુક વિદ્યાર્થીઓ અને દિલ્હીના અગ્રવર્ગ (elite) સુધીની દુનિયાનો ચિતાર આપ્યો છે, જે એ ક્ષેત્રના કળાકાર અભ્યાસીઓને આનંદની સાથે આત્મવિકાસનો પુરુષાર્થ કરવાની પ્રેરણા આપે તેમ છે.' અહીં 'અંધાયુગ' અને 'તુઘલક' જેવાં આધુનિક પ્રશિષ્ટ નાટકોની ભજવણીનો ચિતાર છે તો 'સ્વપ્નવાસવદત્તમ્' અને 'મૃચ્છકટિક' જેવાં પ્રાચીન સંસ્કૃત નાટકોના નાટ્યાત્મક પઠન અને મંચન વિશેની પણ રસભરી વાતો છે. પોતાના ડિપ્લોમા-નાટક 'If you're Glad I'll be Frank' તથા પોતાના વ્યર્થ પ્રયાસ એવા બિચ્છુ - 'The Scorpion' નાટકની ભજવણી અંગેનું તટસ્થ પૃથક્કરણ છે તો અલ્કાઝીના વિલક્ષણ વ્યક્તિત્વ અંગેનું પોતાનું આગવું વિશ્લેષણ પણ છે !

રંગયાત્રાનો ત્રીજો પડાવ એટલે ઈસરો, અમદાવાદ ખાતે કારકિર્દીનો આરંભ કરી, ત્યાંના સ્ટુડિયોમાં રેકૉર્ડ કરેલી નૃત્યનાટિકાઓ અને ટેલિફિલ્મો વિશે, નાટક અને સંગીત પરની બે કાર્યશાળાઓ તથા બાદલ સરકાર સાથેની Theatre Workshop, એન.સી.પી.એ સાથે Theatre Music Workshop, અમદાવાદમાં જોવા મળેલા નવતર નાટ્યપ્રયોગો તેમજ પોતાનાં આગવાં નાટ્યસર્જનો આલ્બર્ટ્સ બ્રિજ, 'મદીરા', મુક્તધારા', 'વ્યક્તિગત', 'અંતિમ અધ્યાય', 'સોદો', 'હેલન - નાટ્યયત્રી', 'મડદાં દફનાવો', 'માનવીની ભવાઈ', 'આખેટ', 'વંધ્ય', 'લડાઈ', 'પોલંપોલ', 'શ્વેતપંખી', 'મેનાંગુજરી', શ્રીકાન્ત શાહનાં વિવિધ નાટકો - પ્રથમ સર્જન 'વાહ વાહ રે મૈં' તથા અંતિમ સર્જન 'ગિલોટીન કી ગુત્થી'-ના નિર્માણ અંગેની ઝીણી ઝીણી વિગતો ચિત્રો સાથે આપવામાં આવી છે. એટલું જ નહીં, ઈસરો ટેલિવિઝન માટે તૈયાર કરેલી 'વચલું ફળિયું', 'ભલા-ભૂસાના ભેદભરમ' જેવી વિખ્યાત શ્રેણીઓ વિશે અને અમેરિકાના પ્રવાસ વિશે તલસ્પર્શી માહિતી આપવામાં આવી છે. અમૃત કેશવ નાયક

કે જયશંકર 'સુંદરી' કરતાં ભરત દવેનો સંઘર્ષ જુદો જ ઊંડો અને મર્મવેધક છે એવું દૃઢપણે માનનાર ધીરુભાઈ ઠાકર, જેમાં લેખકે અંતરના અવાજને અનુસરીને ઊગતી વયથી સેવેલા પોતાના સ્વપ્નને સિદ્ધ કરવા માટે પોતે કરેલા સંઘર્ષને વર્ણવ્યો છે તે 'મારી રંગયાત્રા' વિશે સમાપન કરતાં લખે છે - આ રંગયાત્રામાં ભરત દવેએ પોતે કરેલ નાટ્યપ્રયોગો વિશે વિસ્તારથી લખ્યું છે. તેમાં મૂકેલી નાટકનાં વસ્તુ અને અભિનયની વિગતો આ ક્ષેત્રના ઉત્સાહી ખેલૈયાઓને પોરસ ચડાવે તેવી છે. પોતે વાંચેલાં નાટ્યકલા વિશેનાં પુસ્તકો તેમની વિદ્યાકીય - આંતરિક સંપત્તિનાં નિદર્શક છે. તેને કારણે પણ કળાકારો અને અભ્યાસીઓને અનેક રીતે માર્ગદર્શક નીવડે તેવું આ પુસ્તક હું ઉચ્ચશિક્ષણની દરેક સંસ્થાના ગ્રંથાલયમાં - નાટકના રસિયાઓની નજરે પડે તેમ - રાખવાની ભલામણ કરું છું.' એક બહુમુખી પ્રતિભા ધરાવતા કુશળ રંગકર્મી હોવા ઉપરાંત ભરત દવે, કેવા વિદગ્ધ અને પ્રગલ્ભ રંગચિંતક હતા તેની પ્રતીતિ નાટ્યવિષયક અભ્યાસલેખોના તેમના પ્રથમ સંચય 'આપણી રંગભૂમિ' (૧૯૯૫) દ્વારા થાય છે.

– મહેશ ચંપકલાલ

ભૂસ્તરશાસ્ત્ર અને ભૂગોળના વિદ્વાનની વિદાય



ગિરીશભાઈ પંડ્યા

'ગુજરાતી વિશ્વકોશ'ને માટે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં ભૂસ્તરશાસ્ત્ર અને ભૂગોળ વિષયના વિદ્વાન તરીકે કાર્યરત પ્રા. ગિરીશભાઈ પંડ્યાનું તા. ૨૮ એપ્રિલ, ૨૦૨૧ના રોજ દુઃખદ અવસાન થયું છે. ૧૯૫૬થી ૧૯૯૪ સુધી એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટના ભૂસ્તરશાસ્ત્રના અધ્યાપક તરીકે અને ત્યારબાદ ૨૦૦૪ સુધી એના મુલાકાતી અધ્યાપક તરીકે કાર્ય કરનાર શ્રી ગિરીશભાઈ પંડ્યા(ગિરજાશંકર પંડ્યા)નો જન્મ ૧૯૩૩ની ૨૧મી ડિસેમ્બરે થયો હતો. યોગાનુયોગ તેઓ ૧૯૯૫ની ૨૧મી ડિસેમ્બરે વિશ્વકોશમાં આ વિષયના તજજ્ઞ તરીકે જોડાયા. એમણે 'ગુજરાતી વિશ્વકોશ'માં અધિકરણો અને વ્યાપ્તિલેખો લખ્યાં તથા અન્ય લેખકોના લેખોનું પરામર્શન પણ કર્યું. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે પ્રગટ કરેલાં જૂનાગઢ અને ડાંગ જિલ્લાના ગુજરાત-ગૅઝેટિયર્સમાં પણ માહિતીનું લેખન અને પરામર્શન કર્યું. વળી એમણે ૨૦૦૧માં વિશ્વકોશ ટ્રસ્ટ તરફથી 'ભૂકંપ : માહિતી અને ઘટના' એ વિશેનું પુસ્તક પણ લખ્યું હતું. જે પુસ્તક ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીએ ગુજરાતમાં આવેલા ભૂકંપ પછી સતત ભયના ઓથાર હેઠળ રહેતા લોકોને ભૂકંપ વિશેની વૈજ્ઞાનિક ચોકસાઈવાળી માહિતી મળે તે દૃષ્ટિએ તૈયાર કરવામાં આવ્યું હતું. વિશ્વકોશ પરિવારના એ સ્વજન હતા અને છેલ્લા એકાદ વર્ષથી તેમની તબિયત નાદુરસ્ત રહેતી હતી, તેમ છતાં શારીરિક અનુકૂળતા થતાં વિશ્વકોશમાં આવીને એમનું કાર્ય બજાવતા હતા. વિશ્વકોશ પરિવાર એમના અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે.

કોરોનાકાળમાં ગુજરાતનું આરોગ્યમાળખું !

આ વર્ષે પણ ગત વર્ષની જેમ કોરોનાએ માર્ચ-એપ્રિલ-મે મહિનામાં તેનું વિશેષ વિકરાળ સ્વરૂપ દેખાડ્યું. આ વર્ષે દર્દીઓની ખૂબ મોટી સંખ્યા અને ઊંચા મૃત્યુઆંકે આપણી આરોગ્યસેવાની મર્યાદા ઉજાગર કરી દીધી. કોરોનાનું બીજું મોજું એટલું વ્યાપક અને ખતરનાક કેમ બન્યું તે અંગે સૌ પોતપોતાની રીતે અભિપ્રાય આપે છે. દવા, ઑક્સિજન, વૅન્ટિલેટર અને હૉસ્પિટલની પથારીઓની તીવ્ર તંગી, ૧૦૮ની ઍમ્બુલન્સ સેવા પર એક જ દિવસમાં ૬૫,૦૦૦ કૉલનો વિક્રમસર્જક આંકડો સામે આવતાં સમગ્ર રાજ્યમાં અને દેશમાં કોરોનાનાં મોજાં સાથે ગંભીર ચિંતાનું મોજું પણ ફેલાયું છે. આવી ગંભીર સ્થિતિના સમયે આપણે ગુજરાતની આરોગ્યસેવાની સ્થિતિનું વિશ્લેષણ કરીને ભવિષ્ય માટે શું શું પગલાં લેવાં આવશ્યક છે તેનો વિચાર કરવો જ રહ્યો.

આપણા ઉપનિષદે તો 'સર્વે સન્તુ નિરામયા'ની મંગળ ભાવનાનો ઉદ્‌ઘોષ તો હજારો વર્ષ પૂર્વે કર્યો છે. ૧૯૭૮માં આલ્મા આટા જાહેરનામા હેઠળ વિશ્વના મોટાભાગના દેશોએ આરોગ્યસેવાને માનવહક્ક તરીકે માન્યતા આપી છે. ૧૯૪૭માં આપણા દેશ માટે જે આરોગ્યનીતિ ઘડાઈ, તેમાં 'નાણાંના અભાવે કોઈ આરોગ્યસેવાથી વંચિત નહીં રહે અને આરોગ્યસેવા એ રાજ્યની સંપૂર્ણ જવાબદારી છે તેવી હૈયાધારણ આપવામાં આવી હતી.' ૨૦૦૨ની સાલમાં આમાં સુધારો કરીને ખાનગી ક્ષેત્ર પણ આરોગ્યસેવાને સુદૃઢ કરવા આગળ આવે તે માટે જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાતમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને જિલ્લાઓની સિવિલ હૉસ્પિટલો (મુખ્યત્વે ખાનગી મેડિકલ કૉલેજ) માટે ટ્રસ્ટોને સોંપવાની નીતિ પણ અમલી બની છે, જોકે સ્વનિર્ભર મેડિકલ કૉલેજ દર્દીઓ તેમજ તબીબી વિદ્યાર્થીઓ માટે ખર્ચાળ છે તેમાં કોઈ શંકા નથી. ગુજરાતમાં ૪૦૦ જેટલાં ધર્માદા દવાખાનાં/હૉસ્પિટલો અનેક અંતરિયાળ વિસ્તારમાં આરોગ્યસેવા આપે છે. સાવરકુંડલા, ટિંબી, ગારિયાધાર, રાજકોટ જેવાં શહેરોની કોઈ બિલ વિના માત્ર દિલથી નિઃશુલ્ક સારવાર આપતી હૉસ્પિટલો ગુજરાત માટે ગૌરવ સમાન છે. અનેક સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત હૉસ્પિટલને સરકાર નોંધપાત્ર રકમ અનુદાન તરીકે આપે છે.

જાહેર આરોગ્ય ક્ષેત્રે ગુજરાતમાં આરોગ્ય કેન્દ્રો જરૂરિયાત કરતાં ઓછાં હોવાથી માળખું ક્ષતિયુક્ત છે, તે સ્વીકારવું રહ્યું. નીચેની આંકડાકીય વિગતો જોઈએ.

ક્રમ	કેન્દ્ર	જરૂરિયાત	ઉપલબ્ધ	ઘટ
૧.	સબ-સેન્ટર	૯,૧૫૬	૭,૨૭૪	૧,૮૮૨
૨.	પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર	૧,૪૩૩	૧,૧૫૮	૨૭૫
૩.	સામૂહિક આરોગ્ય કેન્દ્ર	૩૫૮	૩૦૦	૫૮
૪.	જિલ્લા હૉસ્પિટલો	૩૩	૨૩	૧૦
૫.	સબ-ડિવિઝન હૉસ્પિટલ	૧૨૦	૨૪	૯૬

આ ઘટ સરેરાશ ૨૦ જેટલી છે. આ ઉપરાંત મેડિકલ સ્ટાફની જે અછત છે તે પણ ચિંતાજનક છે. કુલ ૧,૪૩૩ ડૉક્ટરોની આવશ્યકતાની સામે ૭૭૮ ડૉક્ટરો છે, જે ૬૫૫ની એટલે કે લગભગ ૪૬ ટકાની ઘટ છે. સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ૧,૨૭૨ તજજ્ઞ ડૉક્ટરોની સામે માત્ર ૩૦૦ જેટલા ડૉક્ટરો ઉપલબ્ધ છે. નર્સોની જરૂરિયાત ૩,૩૮૪ સામે ૨,૭૦૫ હાજર છે. એટલે કે ૬૭૯ જેટલી જગ્યાઓ ખાલી છે. બેરોજગાર નર્સોની સંખ્યા પણ નોંધપાત્ર છે.

લૅબોરેટરી આસિસ્ટન્ટ અને રેડિયોલૉજી સ્ટાફ વગેરે પૅરામેડિકલમાં ૮થી ૧૦ ટકા જ ખાલી જગ્યાઓ છે.

ભારતની સરખામણીમાં ગુજરાતમાં અમુક માપદંડો સારા છે. ભારતમાં ૧૦૦૦ જન્મ સામે ૪૨નું બાળમરણનું પ્રમાણ છે, જે ગુજરાતમાં ૩૮નું છે. માતાઓનો પ્રસૂતિ બાદનો મૃત્યુદર ભારતમાં દર હજાર જન્મ સામે ૧૭૮ છે, જેમાં ગુજરાતમાં આંક ૧૨૨નો છે, જન્મદર ભારતમાં ૭ છે. તે સામે ગુજરાતમાં ૬.૬નો છે. ભારતની ૬૨ વર્ષના સરેરાશ આયુષ્યની અવધિ ગુજરાતમાં ૬૫ વર્ષની છે.

આરોગ્યના અન્ય માપદંડોમાં ગુજરાતનું સ્થાન પ્રથમ દસમાં નથી. અઢાર જેટલાં મોટાં રાજ્યોમાં ગુજરાતનું સ્થાન ૧૧થી ૧૭ વચ્ચે હોય, ત્યારે ગુજરાત મૉડલથી પ્રભાવિત વ્યક્તિઓને પણ નવાઈ લાગે છે કે આમ કેમ ? સ્ત્રીઓની સંખ્યા ૧,૦૦૦ પુરુષ દીઠ ભારતમાં ૯૧૯ છે, જે સામે ગુજરાતમાં ૮૯૦ છે. ભ્રૂણહત્યાનું પ્રમાણ ચિંતાજનક છે. 'બેટી બચાવો, બેટી ભણાવો' ઝુંબેશની અસર હજી વાસ્તવિક રૂપે દેખાતી નથી. સમગ્ર ભારતમાં ૭,૫૦,૦૦૦ પથારીઓ સરકારી હૉસ્પિટલોમાં છે. તેની સામે ગુજરાતમાં લગભગ ૩૮,૦૦૦ બેડની સગવડ જોઈએ, તે સામે માત્ર ૧૩,૮૩૩ બેડ છે તેવું કૉમ્પ્રોટર ઑડિટર જનરલ સી. એ. જી.ના અહેવાલમાં લખાયા બાદ પણ આ મુદ્દે ધ્યાન અપાયું નથી. દુ:ખની વાત એ છે કે ૨૦૦૧થી ૨૦૧૧ વચ્ચે ગુજરાતમાં આરોગ્યસુવિધાઓમાં, સ્ટાફમાં, સાધનોમાં જે વધારો થવો જોઈએ તે થઈ શક્યો નથી. સરકારે મકાનોના બાંધકામ તથા નવી મેડિકલ કૉલેજો (સ્વનિર્ભર સોસાયટી) બનાવવા માટે જે અબજો રૂપિયા રોક્યા છે તેનો લાભ ગુજરાતની પ્રજાને ક્યારે અને કેટલો મળશે તે યક્ષપ્રશ્ન છે.

ગુજરાતની સૌથી મોટી ચિંતા તેનાં ૪૦ ટકા બાળકો-કુપોષિત હોવાથી ઓછું વજન ધરાવે છે. મેડિકલ સારવારની જોગવાઈનો વિચાર કરીએ તો કુલ વસ્તીના ૪ ટકા લોકો જ સરકારી યોજના 'મા' અને 'અમૃતમ્'નો લાભ લે છે. ૩.૫ ટકા લોકોને નોકરીદાતા તરફથી મેડિકલ સુવિધા પ્રાપ્ત છે. જ્યારે ૭.૧ ટકાને આરોગ્ય માટે વીમો છે. દર્દીઓમાંથી ૨૧.૩ ટકા શહેરી વિસ્તારમાં અને ૪૦.૩ ટકા ગ્રામીણ વિસ્તારમાં સરકારી સેવાનો લાભ લે છે. શહેરી વિસ્તારમાંથી ૭૦.૩ ટકા લોકો ખાનગી ધોરણે સારવાર લે છે. ગ્રામીણ વિસ્તારમાં આ આંક ૫૩.૬ ટકાનો છે. બાકીના દર્દીઓ ૪૦૦ જેટલી ધર્માદા હૉસ્પિટલનો લાભ લે છે.

ગુજરાતનો સૌથી અસરકારક આરોગ્યલક્ષી કાર્યક્રમ શાળા આરોગ્ય તપાસણી સારવાર યોજના છે. આરોગ્યની જાળવણી, રોગનિવારણ, સમયસર નિદાન અને

નિઃશુલ્ક સારવાર, સ્વચ્છતા અને પર્યાવરણના મહત્ત્વ સાથે આગામી પેઢીને આરોગ્ય બાબતે જાગૃત કરવાનો પ્રયાસ નોંધપાત્ર રીતે સફળ થયો છે. કોરોના મહામારી અંગે પ્રત્યાઘાત આપતા તજ્જ્ઞો, ડૉક્ટરો અને હવે હાઈકોર્ટની ટકોર છે કે સરકાર આંકડા ગોઠવવામાં જેટલું ધ્યાન આપે છે, તેટલું ધ્યાન સારવાર પર આપી શકે તો લોકોને ઘણી મોટી રાહત થાય.

હાલ તો આંતરરાષ્ટ્રીય આરોગ્યસુવિધામાં જ્યાં ઊણપો છે તે કશા વિલંબ વિના દૂર કરવી રહી. આરોગ્યસેવાને જાહેરક્ષેત્રમાં વધારે મજબૂત બનાવી ઓછામાં ઓછી ૨૫થી ૩૦ હજાર પથારીઓ વિકેન્દ્રિત ધોરણે ઉમેરવાની જરૂરિયાત છે. નિદાન-સારવારનાં સાધનો આધુનિક બનાવવા માટે રૂ. ૧૦૦૦થી ૧૨૦૦ કરોડના બજેટની તાતી આવશ્યકતા છે. જે સાધનો છે તેને ચાલુ સ્થિતિમાં રાખવા માટે ચુસ્ત વ્યવસ્થા ગોઠવ્યા વિના મુશ્કેલીઓનો અંત નહીં આવે.

ગુજરાતી કહેવત પ્રમાણે 'જાગ્યા ત્યારથી સવાર'ના ધોરણે કોરોનાની ત્રીજી લહેર ન આવે તેવી આશા રાખીએ, પ્રાર્થના કરીએ અને સાથે સાથે જાહેર આરોગ્યસેવાને ચુસ્ત અને કાર્યક્ષમ બનાવવા માટે કોઈ કસર ન છોડીએ, કોઈ વિલંબ ન કરીએ કે ઉપેક્ષા ન કરીએ તે આજના સમયનો તકાજો છે. નાગરિકો માટે તો 'ચેતતો નર સદા સુખી'ની ઉક્તિ યાદ રાખી સ્વયંશિસ્ત, સેવાભાવ સાથે સાંપ્રત સ્થિતિમાં અનેક સમસ્યાઓ સુલઝાવવા માટે આપણે સૌએ સહિયારો પુરુષાર્થ કરવો જોઈશે. આપણા સૌની આ આકરી કસોટી છે; તેમાં નિરાશા, ટીકા, આક્ષેપોને સ્થાન નથી. આપણે કોરોનાને નિયંત્રણમાં લાવવો જ પડશે. આ કાર્ય આજે ભલે મુશ્કેલ જણાય પણ અશક્ય નથી. અનેક દેશોએ મેળવેલી સફળતામાંથી આપણે બોધપાઠ અને પ્રેરણા લઈશું તો સૌના ઉત્તમ સ્વાસ્થ્ય અને સારવારનું સ્વપ્ન સાકાર થશે.

– પ્રવીણ ક. લહેરી

સન્મતિ

કોઈ માણસને એક વિષયમાં નિષ્ણાત બનાવવો તે પૂરતું નથી. તેથી તે એક ઉપયોગી યંત્ર બને છે, પણ તે સર્વાંગી વ્યક્તિત્વ પ્રાપ્ત કરી શકે નહીં. જીવનની સાચી સમજ જીવંત ઊર્મિ, સુંદરની સૂઝ કે નૈતિક સામંજસ્ય પ્રાપ્ત નહીં કર્યાં હોય તો વ્યક્તિ સારી રીતે કેળવાયેલા એક પ્રાણી જેવી જ બની રહેશે ! બીજી વ્યક્તિઓ અને સમાજ સાથે તે કેવી રીતે સંકળાયેલો છે તેનો બરોબર ખ્યાલ મેળવવા તેણે માણસોના હેતુ, તેમની મથામણ અને વેદનાઓ સમજતાં શીખવું જોઈએ. નવી પેઢીને વ્યક્તિગત સંપર્ક દ્વારા જ આ કીમતી વસ્તુઓ આપી શકાય છે, પાઠ્યપુસ્તકો દ્વારા નહીં ! આ જ વસ્તુ સંસ્કૃતિના મૂળમાં રહેલી છે અને સંસ્કૃતિનું રક્ષણ કરે છે. હરીફાઈની પદ્ધતિ અને તરત જ ઉપયુક્ત બની શકે એવા હેતુવાળા અપરિપક્વ નિષ્ણાતીકરણ પર અજુગતો ભાર મૂકવાથી તો, જેના પર સાંસ્કૃતિક જીવનનો આધાર છે તેના જ આત્માનો નાશ થાય છે. જીવંત કેળવણી માટે જરૂરી છે કે નવા ઊગતા માનવમાં સ્વતંત્ર વિવેકશક્તિનો વિકાસ થાય. શિક્ષણ એ મૂલ્યવાન બક્ષિસ બનવું જોઈએ, નહીં કે કડવી ફરજ.

આલ્બર્ટ આઈન્સ્ટાઇન

ત્રણ કવિ, એક જવાબ

ક્યારેક અંગત મિત્રો આપણી પર એમના અધિકારનો પ્રેમપૂર્વક 'વિટો' વાપરે છે ત્યારે એક પ્રકારના આનંદનો અનુભવ થાય છે. એમણે ચીંધેલું કામ આપણને કસોટીએ ચડાવનારું હોય ત્યારે સવિશેષ તેમાં રોમાંચ પણ સર્જાતો હોય છે. આવું ન કલ્પેલું એક કામ કાવ્યજ્ઞ ને સંગીતજ્ઞ મિત્ર અમર ભટ્ટે એક વાર મને સોંપ્યું. એ ગુજરાતી સાહિત્યના ત્રણ મૂર્ધન્ય કવિઓનાં ગીતોનું ગાન કરવા માગતા હતા. એમણે એ ત્રણે કવિજનો સાથે એમના વતીથી ગીત ગાવાની પરવાનગી માગવાનું કામ મને સોંપ્યું ! એ ત્રણ કવિઓ હતા – રાજેન્દ્ર શાહ, ઉશનસ્ અને ચંદ્રકાન્ત શેઠ.

મેં સૌ પહેલાં રાજેન્દ્ર શાહનો સંપર્ક કર્યો અને મિત્ર વતીથી એમનાં કાવ્યોના ગાન માટે સંમતિ માગી. મારો અવાજ સાંભળીને એ રાજી થયા. એમના અવાજનો રણકો સાંભળતાં જ મારા ચિત્તમાં એમનો ચહેરો અને ટટ્ટાર ઊંચી દેહાકૃતિ આકારિત થઈ અને બાળક જેવા નિર્દોષ ને તપોનિષ્ઠ તપસ્વીની જાણે આભા મનમાં ફરી વળી. એમનો જવાબ લગભગ આ પ્રકારનો હતો : 'કાન દઈને મારી વાત બરોબર સાંભળ. હું ના હોવ ત્યારે તારે મારા વતીથી બધાને કહેવું કે મારાં કાવ્યો મને સમાજમાંથી મળ્યાં છે, કુદરતે આપ્યાં છે. મેં કંઈ જ કર્યું નથી. એ માટે કોઈએ મારી પરવાનગી લેવાની જરૂર નથી. આ સમાજમાંથી મને પ્રાપ્ત થયાં છે અને તે માગે તો મને ખૂબ આનંદ થશે.' મેં જ્યારે ફોન મૂક્યો ત્યારે એક કૃતાર્થતાનો અનુભવ કરેલો.

ત્યાર બાદ મેં ઉશનસ્સાહેબનો સંપર્ક કર્યો. એમનો બાળસહજ ઉદ્ગાર હજુ હું માણું ત્યાં કહે, 'તમે પૂછ્યું તે ગમ્યું. પણ આ માટે મારી સંમતિની કોઈ જરૂર નથી ભાઈ. કયું કાવ્ય છે તે જણાવશો. મારા કાવ્યનું ગાન થશે એ જાણી મને ખૂબ આનંદ થયો.'

અંતે શેઠસાહેબને ફોન કર્યો. એ જ લહેકો, કોઈ સ્વાધ્યાયમાં રત હોય તેવો. મેં એમનાં ગીત ગાવા માટે સંમતિની વાત કરી તો કહે, 'પહેલાં તો એ ભાઈનો મારા વતીથી આભાર માનજો. આમાં એવું છે ને કોઈએ પૂછવાનું ના હોય. ઊલટાનું એમને અભિનંદન આપજો. કાવ્યને લોકો સુધી પહોંચાડે છે એ તો સારી જ બાબત છે.' એ પણ ખૂબ આભારવશ હતા.

ત્રણે કવિઓનો પરવાનગી સંદર્ભે લગભગ એક જ સૂર હતો. આજે આ સન્માનનીય કવિઓને યાદ કરું છું ત્યારે એક વાત સમજાય છે. એમનાં કાવ્યો થકી આપણી ભાષા, સાહિત્ય ને આપણે રળિયાત તો છીએ જ પણ સાથે સાથે એમની સાત્ત્વિકતાથી અને કાવ્યવિવેકથી આપણે વધુ ધન્ય છીએ.

– રાજેન્દ્ર પટેલ

ગુજરાતી ચલચિત્રોનો બદલાયેલો પરિવેશ

ગુજરાતી ફિલ્મની એક એવી પરંપરા સ્થાપિત થઈ હતી કે લોકવાર્તા કે લોકજીવન પર જ તે વધુ સર્જાતી હતી. કોઈ લોકવાર્તા એવી બાકી નહીં રહી હોય જેના પરથી કોઈ ફિલ્મ ન સર્જાઈ હોય. પણ નવી શતાબ્દીમાં લોકો બદલાયા હતા. શહેરીકરણનો પવન ફૂંકાવા લાગ્યો હતો. યુવાન પ્રેક્ષકોની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો હતો જેમને કંઈક સારું અને નવું જોવાની ઇચ્છા થતી હતી. એટલે લોકવાર્તા અને લોકજીવનથી પ્રેક્ષકો કંટાળવા લાગ્યા. ગુજરાતી ફિલ્મ એટલે ગામડું, ગરબો અને ગોકીરોથી પ્રેક્ષકો થાકી ગયા. એટલે ગુજરાતી ફિલ્મોથી દૂર થવા લાગ્યા. ગુજરાતી કલાત્મક ફિલ્મોને પ્રોત્સાહન આપવા ગુજરાત સરકારે રાષ્ટ્રીય સ્તરે કાર્ય કરતું નૅશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કૉર્પોરેશન જેવા એક ગુજરાત ફિલ્મ વિકાસ નિગમની સ્થાપના કરી. તેના અધ્યક્ષ તરીકે જાણીતા અભિનેતા ઉપેન્દ્ર ત્રિવેદીની નિમણૂક કરી. પણ આ બોર્ડ કોઈ પણ સઘન કાર્ય કરી શક્યું નહોતું. ૧૯૯૩માં બોર્ડ દ્વારા નિર્મિત એકમાત્ર ફિલ્મ 'માનવીની ભવાઈ' એ પ્રસિદ્ધ સાહિત્યકાર પન્નાલાલ પટેલની એ જ નામની જ્ઞાનપીઠ પારિતોષિક વિજેતા નવલકથા પરથી સર્જાઈ હતી જેનું દિગ્દર્શન ઉપેન્દ્ર ત્રિવેદીએ કરેલું હતું. એક અત્યંત ઉત્કૃષ્ટ કૃતિ પરથી એક અત્યંત નબળી ફિલ્મનું સર્જન થયું, કારણ કે ફિલ્મને નર્મદા નદીના બંધ સાથે જોડીને પ્રચારાત્મક બનાવાઈ હતી.

આ ફિલ્મના નિર્માણ બાદ ગુજરાત સરકારે ગુજરાત ફિલ્મ વિકાસ બોર્ડને બંધ કરી દીધું હતું. જેનો ખાસ્સો વિરોધ થવા છતાં કશું થયું નહીં અને ગુજરાત સરકાર ફિલ્મો અંગેના નીતિવિષયક નિર્ણયો કરવા લાગી. પરિણામે કલાકારો અને કસબીઓને પ્રોત્સાહન આપનાર કોઈ ન હતું. આ પછી કોઈ નોંધપાત્ર ફિલ્મો ગુજરાતી ભાષામાં સર્જાઈ નહીં જે અત્યંત દુઃખદાયક હતું. પણ આ પહેલાં બે મહત્ત્વની ફિલ્મો આવી જે 'પર્સી' ૧૯૮૯માં સર્જાઈ હતી જેનું દિગ્દર્શન પરવેઝ મેરવાનજી નામના પારસી યુવકે કરેલું. જેનું નિર્માણ નૅશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કૉર્પોરેશન દ્વારા થયેલું. કદાચ આ એકમાત્ર ગુજરાતી ફિલ્મનું નિર્માણ એન. એફ. ડી. સી. દ્વારા થયેલું. દિગ્દર્શક પરવેઝ મેરવાનજીનું અકાળે અવસાન થતાં તેમની પાસેથી વધુ કોઈ ફિલ્મ ન મળી. એમ ૧૯૯૨માં 'હું હુંશી હુંશીલાલ' સર્જાયું જેનું દિગ્દર્શન સંજીવ શાહે કરેલું. સંજીવ શાહ ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટના સ્નાતક હતા અને પૂર્વે કેતન મહેતાની ફિલ્મ 'ભવની ભવાઈ' જોડે સંકલનકાર તરીકે જોડાયેલા હતા. પણ આ ફિલ્મની થિયેટરોમાં રજૂઆત ન થઈ તેમ વ્યાવસાયિક રીતે નિષ્ફળ જતાં દૂરદર્શન દ્વારા ફક્ત ટેલિવિઝન ઉપર જ તેનું પ્રસારણ થયું. 'હું હુંશી હુંશીલાલ'ની કલાત્મક નોંધ ખૂબ લેવાઈ અને અમેરિકાથી પ્રગટ થતા 'ટાઇમ' સામયિકમાં પણ તેના વિશે નોંધ પ્રગટ થઈ હતી. પણ સંજીવ શાહ પાસેથી બીજી કોઈ ફિલ્મ ન મળી.

આ સિવાયનાં વર્ષોમાં ગુજરાતી ફિલ્મોના હાલહવાલ લેનાર ખાસ કોઈ ન હતું.

'હેલ્લારો' ફિલ્મનું એક દૃશ્ય

વચ્ચેનાં વર્ષોમાં પ્રેક્ષકો પણ ગુજરાતી ફિલ્મોથી રિસાઈ ગયા હતા. એવાં કોઈ તત્ત્વો જ ફિલ્મોમાં જોવા નહોતાં મળતાં કે પ્રેક્ષકોને થિયેટરમાં ફિલ્મ જોવા જવાની ઇચ્છા થાય. આ સિલસિલો ૨૦૦૦ની સાલ બાદ પણ ચાલુ રહ્યો. પણ પછી યુવાન ફિલ્મ દિગ્દર્શકોનો પ્રવેશ ગુજરાતી ફિલ્મના નિર્માણ અને દિગ્દર્શન ક્ષેત્રે થયો અને થોડું ચિત્ર બદલાય છે. ૨૦૧૨ની સાલમાં અભિષેક જૈન નામના એક યુવાન દિગ્દર્શકે 'કેવી રીતે જઈશ'નું સર્જન કરીને રજૂઆત કરી અને તેનાથી ગુજરાતના યુવાનો આકર્ષાયા. અને ફરી ગુજરાતી લોકો ગુજરાતી ફિલ્મના પ્રેક્ષકો થયા. ફિલ્મમાં પણ નવા વિષયો આવ્યા. ગામડું, ગરબો અને ગોકીરોની જગ્યાએ શહેરીજીવન અને આધુનિક રહેણીકરણી જોવા મળવા લાગ્યાં. પછીનાં વર્ષોમાં અભિષેક જૈને 'બે યાર'નું દિગ્દર્શન કર્યું અને ૨૦૧૬માં 'રોન્ગ સાઇડ રાજુ'નું નિર્માણ કર્યું.

૨૦૧૩માં 'ગુડ રોડ' નામની અંગ્રેજી શીર્ષક ધરાવતી એક ગુજરાતી ફિલ્મ આવી. આ ફિલ્મને આર્થિક સહાય રાષ્ટ્રીય ફિલ્મ વિકાસ નિગમ(નૅશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કૉર્પોરેશન) દ્વારા મળેલી અને તેનું દિગ્દર્શન જ્ઞાન કોરિયાએ કરેલું. (એન.એફ.ડી.સી. - એ ફિલ્મ 'પર્સી' પછી આ બીજી ગુજરાતી ફિલ્મને સહાય કરેલી.) કચ્છમાં સર્જાયેલી આ ફિલ્મને ગુજરાતમાં જ ખાસ પ્રેક્ષકો મળ્યા નહીં. પણ તેને નૅશનલ ઍવૉર્ડ મળેલો તથા ભારતની સત્તાવાર એન્ટ્રી તરીકે ઓસ્કાર ઍવૉર્ડ માટે મોકલવામાં આવેલી. આમ એક ગુજરાતી ફિલ્મને ઓસ્કાર પારિતોષિક માટે મોકલવામાં આવ્યાની મહત્ત્વની ઘટના બની. અલબત્ત આ ફિલ્મના વિષયવસ્તુ અંગે ગુજરાતીઓ નારાજ થયેલા અને અનેક કલાકારોએ એ અંગે વિરોધ નોંધાવેલો. 'ગુડ રોડ' એ એનેલોગ પર સર્જાયેલી છેલ્લી ગુજરાતી ફિલ્મ હતી. આ પછી ડિજિટલ ટૅક્નૉલૉજીથી ગુજરાતી ફિલ્મો સર્જાવા લાગી.

આવા જ બીજા એક યુવાન દિગ્દર્શક કૃષ્ણકાન્ત યાદવે ૨૦૧૫માં કૉલેજિયન યુવાનોને કેન્દ્રમાં રાખીને 'છેલ્લો દિવસ' નામની ફિલ્મનું સર્જન કર્યું. યુવાન પ્રેક્ષકોમાં આ ફિલ્મ અત્યંત પ્રચલિત થઈ હતી પણ કલાત્મક રીતે તે અત્યંત ભેદી હતી. કૃષ્ણકાન્ત યાદવે આ પછી ૨૦૧૬માં 'ઉઝ ઑફ ટફરી', ૨૦૧૭માં 'કરસનદાસ પે ઍન્ડ યુઝ', ૨૦૧૮માં 'શું થયું ?' અને એ જ વર્ષમાં 'વાન્ઢા વિલાસ' નામની ફિલ્મોને દિગ્દર્શિત કરીને રજૂ કરી.

બહુ પ્રચલિત એવા નાટ્ય અભિનેતા સિદ્ધાર્થ રાંદેરિયા પણ ફિલ્મોમાં અભિનય કરવા લાગ્યા પણ એમની શહેરી ફિલ્મો જાણે નાટ્યરૂપાંતરો હોય તેવી જ જોવા મળે છે. તેમાં મેલોડ્રામા અને સસ્તી કૉમેડીનાં તત્ત્વો વધુ જોવા મળે છે. એમની અન્ય ફિલ્મોની સરખામણીમાં કંઈક જુદી પડતી ફિલ્મ 'નટસમ્રાટ' એ આમ તો મરાઠીમાં સર્જાયેલી ફિલ્મની રિમેક છે. શહેરી પ્રેક્ષકોનો એક ચોક્કસ વર્ગ સિદ્ધાર્થ રાંદેરિયાની ફિલ્મોનો છે જ. પણ સિદ્ધાર્થ રાંદેરિયા અભિનેતા છે અને તેઓ ફિલ્મ દિગ્દર્શિત કરતા નથી. એમની ફિલ્મો કોઈ અન્યએ દિગ્દર્શિત કરેલી હોય છે. અને એમની ફિલ્મોને કારણે ગુજરાતી ફિલ્મોમાં કોઈ વળાંક કે પ્રભાવ જોવા નથી મળતો. એને કલાત્મક પણ ન કહી શકાય. એ ચોક્કસપણે ટિકિટબારીને ધ્યાનમાં રાખીને સર્જાયેલી ફિલ્મો છે તેમ કહી શકાય.

આ બધામાં કંઈક જુદું કરવાની ધગશથી આશિષ ખક્કરે 'બેટર હાફ' ફિલ્મનું સર્જન ૨૦૧૦માં કર્યું અને એ પછી ખાસ્સા પાંચ વર્ષના અંતરાલ બાદ ધીરુબહેન પટેલના એક નાટક પરથી 'મિશન મમ્મી'નું સર્જન ૨૦૧૬માં કર્યું. આશિષ ખક્કરને પ્રશંસા મળી પણ અમુક ચોક્કસ વર્ગના પ્રેક્ષકોમાં આ બંને ફિલ્મો આવકાર પામી. ગુજરાતી ફિલ્મોમાં આમ જોઈએ તો આશિષ ખક્કરની ફિલ્મ 'બેટર હાફ'થી જ શહેરીકરણની શરૂઆત થઈ છે. આમ છેલ્લા દશકાનું આવું હતું ગુજરાતી ફિલ્મોનું સરવૈયું. અહીં બધી ફિલ્મોની વિગતે નોંધ કરવી શક્ય નથી.

પણ છેલ્લાં બે વર્ષ ગુજરાતી ફિલ્મોનાં આવનારાં અનેક વર્ષ સુધી યાદગાર રહેશે. અચાનક ગુજરાતી સિનેમાની નોંધ રાષ્ટ્રીય સ્તરે લેવાવા લાગે છે. આ માટે ત્રણ ફિલ્મ નિમિત્ત બની તે 'ધાડ', 'રેવા' અને 'હેલ્લારો'.

છેલ્લાં ત્રણ વર્ષમાં ગુજરાતી ફિલ્મોમાં ત્રણ અત્યંત મહત્ત્વની ફિલ્મ આવી જેણે ગુજરાતી ફિલ્મના પ્રેક્ષકોને થોડા વિચારતા કર્યા છે. આ ત્રણ ફિલ્મમાં પરેશ નાયક દિગ્દર્શિત 'ધાડ'નું નિર્માણ તો ઘણાં વર્ષો પૂર્વે ૨૦૦૩માં થયેલું પણ રજૂઆત ૨૦૧૮માં પામ્યું. તો એ જ વર્ષે 'રેવા' પણ રજૂઆત પામ્યું. અને પછીના ૨૦૧૯ના વર્ષમાં 'હેલ્લારો' રજૂઆત પામ્યું. આ જ વર્ષમાં 'ચાલ જીવી લઈએ' પણ રજૂઆત પામ્યું. આ બધી ફિલ્મોની પ્રેક્ષકો ઉપર એક જુદી જ અસર રહી. એટલું જ નહીં, આ ફિલ્મોએ ગુજરાતી ફિલ્મોની એક અલગ જ ઓળખ ઊભી કરી.

પરેશ નાયક દિગ્દર્શિત ફિલ્મ 'ધાડ' તે તે જ નામની જયંત ખત્રીની વાર્તા પરથી સર્જાયેલી હતી. જે કલાત્મકતામાં ખૂબ પ્રશંસા પામી. તો રાહુલ ભોલે અને વિનીત કનોજિયા દિગ્દર્શિત ફિલ્મ 'રેવા' ધ્રુવ ભટ્ટલિખિત નવલકથા 'તત્ત્વમસી' પરથી સર્જાઈ છે. અને અભિષેક જૈન દિગ્દર્શિત ફિલ્મ 'હેલ્લારો' એક લોકવાર્તા પરથી સર્જાયેલી છે. આમ આ ત્રણેય ફિલ્મો – 'ધાડ'ને પ્રશંસા મળી, 'રેવા'ને પ્રેક્ષકો મળ્યા અને 'હેલ્લારો'ને ત્રણેય – પ્રશંસા, પ્રેક્ષકો અને પારિતોષક પણ મળ્યાં. 'હેલ્લારો' એ પ્રથમ ગુજરાતી ફિલ્મ બની જે રાષ્ટ્રીય પુરસ્કાર(નેશનલ ઍવૉર્ડ)થી સન્માનિત થઈ. જે ગુજરાત અને ગુજરાતી ફિલ્મોને માટે ગૌરવવંતી ઘટના ગણાય. ૨૦૧૯ એ આમ તો ગુજરાતી ફિલ્મનો સુવર્ણકાળ સર્જનાર દિગ્દર્શક રવીન્દ્ર દવેનું શતાબ્દી વર્ષ હતું. ત્યારે જ આ ત્રણ ફિલ્મોને મળેલી સફળતા એક રીતે રવીન્દ્ર દવેને જ એક જાતની અંજલિ છે.

– અભિજિત વ્યાસ

ઓક્સિજન અને 'ત્રીજી લહેર'

આપણી પૃથ્વીનો જન્મ લગભગ ૪.૫ અબજ વર્ષ પહેલાં થયો હતો. વિજ્ઞાનીઓનું માનવું છે કે પૃથ્વીના બાળપણના એક અબજ વર્ષ દરમિયાન વિપુલ માત્રામાં જ્વાળામુખીઓ સક્રિય હશે. તેમના દ્વારા ઉત્સર્જિત વાયુઓને કારણે પૃથ્વીનું વાતાવરણ બંધાયું હશે. આ સમયે વાતાવરણમાં મહદંશે અંગારવાયુ (કાર્બનડાયૉક્સાઇડ) હશે અને પ્રાણવાયુ (ઑક્સિજન) હશે જ નહીં અથવા તેની માત્રા નહિવત્ હશે. હા, અલ્પ માત્રામાં પાણીની વરાળ, એમોનિયા અને મિથેન વાયુઓ હતા. પૃથ્વી ઠંડી થતાં વરાળનું ઘનીભવન (Condensetion) થયું અને નદી, સરોવર, સાગર વગેરેની રચના થઈ. આપણે જાણીએ છીએ કે અત્યારે વાતાવરણમાં ૭૮ % નાઇટ્રોજન અને ૨૧ % ઑક્સિજન છે. બાકીના એક ટકામાં અંગારવાયુ સહિત અન્ય વાયુઓ છે. તો પછી આ અંગારવાયુનું પ્રમાણ ઘટી કેવી રીતે ગયું? ઑક્સિજનનું પ્રમાણ કેવી રીતે વધી ગયું ?

પૃથ્વી પર શેવાળ અને અન્ય વનસ્પતિનો ઉદ્ભવ થયો. વનસ્પતિ દ્વારા પ્રકાશ-સંશ્લેષણની (Photosynthesis) પ્રક્રિયાથી વાતાવરણમાં ઑક્સિજનનું પ્રમાણ વધવા લાગ્યું. કેટલોક અંગારવાયુ પાણીમાં ભળી ગયો તો કેટલોક ચૂનાના પથ્થર જેવા ખડકોએ શોષી લીધો. પેટ્રોલ જેવાં અશ્મિભૂત ઈંધણો આ શોષાયેલા કાર્બનડાયૉક્સાઇડને આભારી છે. કાળક્રમે પૃથ્વી પર ઑક્સિજન આધારિત જીવસૃષ્ટિ પાંગરી જેના એક પડાવે માનવ અસ્તિત્વમાં આવ્યો. અશ્મિભૂત ઈંધણ બાળીને અને વનસ્પતિનો નાશ કરીને આપણે માનવો ફરી પાછા વાતાવરણમાં કાર્બનડાયૉક્સાઇડ વધારીએ છીએ. એક સામાન્ય ગણતરી પ્રમાણે એક માનવી એક મિનિટમાં ૭થી ૮ લિટર હવા શ્વસે છે તે હિસાબે દરરોજ ૧૧,૦૦૦ લિટર હવા તેનાં ફેફસાંમાં જાય છે. હવામાં ઑક્સિજન તો ફક્ત ૨૦ ટકા જ હોય છે. વળી,ઉચ્છ્વાસની હવામાં ૧૫ ટકા ઑક્સિજન હોય છે. આ ગણતરી મુજબ હવાનો ૫ ટકા ઑક્સિજન જ માનવી વાપરી કાર્બન- ડાયૉક્સાઇડ બનાવે છે. આ હિસાબે એક માનવીને રોજના ૫૫૦ લિટર શુદ્ધ ઑક્સિજનની જરૂર રહે છે. કોવિડ-૧૯, ન્યુમોનિયા જેવી શ્વસનતંત્રની બીમારીને લીધે ફેફસાંમાં ક્ષતિ પહોંચે છે. સામાન્ય વાતાવરણીય દબાણે અને ૨૦ % જેટલા પ્રાણવાયુના પ્રમાણે ફેફસાં જરૂરી પ્રાણવાયુ ગ્રહણ કરી શકતાં નથી. આ પ્રકારના કિસ્સામાં હવામાં ઑક્સિજનનું પ્રમાણ વધારી ઉચ્ચ દબાણે તેને શ્વાસમાં આપવામાં આવે છે. ગંભીર બીમારીમાં ઑક્સિજન સીધો જ ફેફસાંમાં પહોંચે તેવી વ્યવસ્થા કરવામાં આવે છે. વધુ ઑક્સિજનનું પ્રમાણ કે દબાણ પણ દર્દીને નુકસાન કરે છે. આ પ્રકારની ચિકિત્સા નિષ્ણાત તબીબો અને તજ્જ્ઞો દ્વારા જ કરવામાં આવે છે. આ પ્રકારના ઉપચાર માટે મહદંશે શુદ્ધ પ્રાણવાયુની જરૂર પડે છે.

PSA ઑક્સિજન પ્લાન્ટ

પાણીનું 'ઇલેક્ટ્રૉલિસીસ' કરી શુદ્ધ ઑક્સિજન અને હાઇડ્રોજન મેળવવાની રીત આપણે સામાન્ય વિજ્ઞાનમાં ભણી ગયા છીએ. આ રીતે મોટા પ્રમાણમાં પ્રાણવાયુ મેળવવો વ્યવહારુ નથી. વાતાવરણમાંથી પ્રાણવાયુને વિપુલ પ્રમાણમાં મેળવી શકાય. અરે! વાતાવરણમાં રહેલો ૭૮ % નાઇટ્રોજન દૂર કરી દઈએ તોપણ મહદંશે શુદ્ધ ઑક્સિજન મળી જાય. આ માટે બે પદ્ધતિઓ વધુ પ્રચલિત છે : ૧) આંશિક નિસ્યંદન (Fractional Distillation) અને ૨) PSA - Pressure Swing Adsorption. આ બંને પદ્ધતિઓ વિશે પ્રાથમિક માહિતી મેળવી લઈએ.

હવા વાયુઓનું મિશ્રણ છે. મિશ્રણમાંથી કોઈ ઘટક છૂટું પાડવું હોય તો સરળ ભૌતિક પ્રક્રિયાઓ કરવામાં આવે છે. જેમાંની એક છે નિસ્યંદનની પ્રક્રિયા. આ સરળ પ્રક્રિયાને આજના વિષય સંદર્ભે યાદ કરી લઈએ. આ પ્રક્રિયામાં પ્રવાહીને વાયુ સ્વરૂપે પરિવર્તિત કરવામાં આવે છે. જેને બાષ્પીભવન કહીએ છીએ. વાયુને ભેગો કરી, ઠારીને ફરી પ્રવાહી મેળવવામાં આવે છે. મિશ્રણના પ્રવાહીનાં જુદાં જુદાં ઉત્કલનબિંદુઓ (Boiling Point) હોય છે. ઇચ્છિત પ્રવાહીને છૂટું પાડવા માટે તેનાં ઉત્કલનબિંદુ પર પ્રવાહી મિશ્રણને ગરમ કરવામાં આવે છે. સ્વાભાવિક છે કે આ નિયંત્રિત તાપમાનને લીધે ઇચ્છિત પ્રવાહીની જ બાષ્પ એકઠી થશે. તેનું ઘનીભવન (Condensation) કરીને ઇચ્છિત પ્રવાહી મેળવી લેવાય છે. જ્યારે પ્રવાહી મિશ્રણનાં જુદાં જુદાં પ્રવાહીઓનાં ઉત્કલનબિંદુઓ એકબીજાની નજીક હોય ત્યારે સામાન્ય નિસ્યંદન પદ્ધતિ કામ આવતી નથી. આ બંને વાયુઓને પ્રવાહી હવાનું આંશિક નિસ્યંદન કરી છૂટા પાડી શકાય છે. આ પદ્ધતિમાં બાષ્પને ઠંડી કરી પ્રવાહી મેળવવાની પ્રક્રિયા પુનઃ પુનઃ કરવામાં આવે છે. આ રીતે છૂટો પડતો વાયુ વધુ શુદ્ધ સ્વરૂપે મળે છે. હવામાંથી ઑક્સિજન છૂટો

પાડવા માટે સૌપ્રથમ તો હવામાંથી રજકણોને ગાળીને (Filtered) દૂર કરવામાં આવે છે. ત્યારબાદ તેને તબક્કાવાર ઠંડી કરવામાં આવે છે જેથી તેનું તાપમાન -૨૦૦ ડિ.સે. સુધી પહોંચે. આ દરમિયાન હવામાં રહેલી વરાળનું પાણી થઈ જાય છે જેને દૂર કરવામાં આવે છે. -૭૯ ડિ.સે. તાપમાને અંગારવાયુ (Carbon Dioxide) ઘન બની છૂટો પડી જાય છે. પ્રવાહી હવામાં -૧૮૩ ડિ.સે. તાપમાને પ્રવાહીરૂપ ધારણ કરતો ઑક્સિજન અને -૧૯૬ ડિ.સે. તાપમાને તરલ બનતો નાઇટ્રોજન મુખ્ય ઘટકો હોય છે. પ્રવાહી હવાનું આંશિક નિસ્યંદન કરી ઑક્સિજન મેળવવામાં આવે છે. સંગ્રહ કરવાની સગવડ, ક્ષમતા અને જરૂર મુજબ તેને પ્રવાહી સ્વરૂપે કે પછી ઊંચા દબાણે વાયુસ્વરૂપે સંગ્રહવામાં આવે છે.

Pressure Swing Adsorption - PSA પદ્ધતિથી પ્રાણવાયુ પ્રચુર હવા મેળવવાની રીતને કંઈક આ રીતે સમજી શકાય. ભૌતિકશાસ્ત્રની એક ઘટના મુજબ ઉચ્ચ દબાણે ચોક્કસ વાયુઓ ખાસ ઘન સપાટીઓ તરફ આકર્ષાય છે અને તેને ચોંટી (adsorbe) જાય છે. જેમ દબાણ વધારે તેમ વાયુ વધુ માત્રામાં ચોંટે છે. જ્યારે દબાણ ઘટાડવામાં આવે ત્યારે ચોંટેલો વાયુ છૂટો પડી જાય છે. જુદા જુદા વાયુઓ નોખી નોખી ઘન સપાટી તરફ આકર્ષાય છે. ઉદાહરણ તરીકે જો હવા જેવા વાયુઓના મિશ્રણને ઝિઓલાઇટના થરમાંથી (Zeolite bed) ઉચ્ચ દબાણે પસાર કરવામાં આવે તો તે ઑક્સિજન કરતાં નાઇટ્રોજનને વધુ તીવ્રતાથી આકર્ષશે. તેનો અર્થ એ થયો કે મોટાભાગનો નાઇટ્રોજન ઝિઓલાઇટ પર ચોંટેલો રહેશે અને બહાર નીકળતી હવામાં ઑક્સિજન ભરપૂર માત્રામાં હશે. જ્યારે થરની નાઇટ્રોજન સમાવવાની ક્ષમતા પૂરી થઈ જાય ત્યારે દબાણ ઘટાડી ચોંટેલા નાઇટ્રોજનને મુક્ત કરી દેવામાં આવે છે. આ સાથે ફરી એક વખત ઑક્સિજન પ્રચુર હવા ઉત્પન્ન કરવા માટે ઝિઓલાઇટ-થર તૈયાર થઈ જાય છે. કોવિડ-૧૯ જેવા શ્વસનતંત્રને અસર કરતા રોગમાં શ્વાસમાં ઑક્સિજન પ્રચુર હવાની જરૂરિયાત આ પદ્ધતિથી સંતોષી શકાય છે. આ પદ્ધતિ આધારિત સાધનને PSA Plant કે Oxygen Concentrator પણ કહેવાય છે. આ પ્રકારનાં બે સુવાહ્ય સાધનોનો ઉપયોગ કરી દર્દીની પાસે જ અસ્ખલિત ઑક્સિજન પ્રચુર હવાનો પુરવઠો મેળવી શકાય છે. આ મૂળભૂત સંરચનાની કાર્યક્ષમતા વધારવા માટે તેમજ કરકસરયુક્ત ઊર્જા વપરાશ માટે જુદા જુદા નુસખાઓ અપનાવવામાં આવે છે. આ પદ્ધતિ આધારિત સાધન સામાન્ય તાપમાને કામ કરે છે અને તે તેનો સૌથી મહત્ત્વનો ફાયદો છે.

અનેક ઉદ્યોગોમાં પણ શુદ્ધ ઑક્સિજનની જરૂર પડે છે. ઉદ્યોગોને ૯૯ % શુદ્ધ પ્રાણવાયુની ખપત હોય છે જ્યારે તબીબી ઉપયોગ માટે ૯૩ % શુદ્ધ ઑક્સિજનની જરૂર હોય છે. એક સ્થળે વિપુલ માત્રામાં ઑક્સિજન મેળવી તેને જરૂર મુજબ ઉદ્યોગગૃહો અને હૉસ્પિટલોમાં મોકલવામાં આવે છે. સામાન્ય દબાણે અને તાપમાને ઑક્સિજન વાયુનું કદ ઘણું વધારે હોય છે. તેનો સંગ્રહ અને પરિવહન ઉચ્ચ દબાણે અને અતિશીત (cryogenic) તાપમાને થાય છે. પ્રાણવાયુનું પરિવહન ત્રણ રીતે થાય

છે : (૧) ઉદ્યોગોને મોટાભાગનો (૮૦ %) ઑક્સિજન પાઇપ દ્વારા પહોંચાડવામાં આવે છે. (૨) પ્રવાહી ઑક્સિજનનું પરિવહન ટૅન્કર દ્વારા થાય છે અને ૩) ૫ % ઑક્સિજનનું વિતરણ સિલિન્ડર દ્વારા થાય છે. આ માટે ખાસ પ્રકારનાં વાહનો અને પાત્રોની (Containers) જરૂર પડે છે. તે પણ એક વિશિષ્ટ પ્રકારનું કૌશલ્ય માગી લે છે. તેથી જ ઑક્સિજન ટૅન્કરની કિંમત ૪૫ લાખ રૂપિયા અને ૩૦૦ રૂપિયાના ઑક્સિજનને સમાવતા સિલિન્ડરની કિંમત દશ હજાર રૂપિયા હોય છે. આપણા દેશમાં ઉત્પાદિત થતા પ્રાણવાયુનો દશ ટકા હિસ્સો જ તબીબી ઉપયોગ માટે વપરાય છે. આજની પરિસ્થિતિના સંદર્ભમાં વિચારીએ તો જો ઉત્પાદિત થતો બધો જ પ્રાણવાયુ તબીબી સારવાર માટે વાપરવામાં આવે તો તેની ઘટ પડે નહીં. પણ ઉપલબ્ધ સંસાધનોની મદદથી વિપુલ માત્રામાં, વિવિધ જગ્યાએ, દુર્ગમ અને અંતરિયાળ સ્થળોએ ત્વરિત અને સમયસર પ્રાણવાયુ પહોંચાડવો કઠિન બની જાય છે. તેમાં વળી લોકો ઑક્સિજન સિલિન્ડરનો સંઘરો કરી મુશ્કેલીમાં ઉમેરો કરે છે. ટૂંકમાં અત્યારની ઑક્સિજનની તંગી માટે પરિવહનનાં ટાંચાં સાધનો, અપૂરતું આયોજન અને લોકોની સંગ્રહવૃત્તિને જવાબદાર માની શકાય. આ પરિસ્થિતિનો સામનો કરવા માટે હૉસ્પિટલો પોતાનો જ PSA ઑક્સિજન પ્લાન્ટ નાખવા અંગે કૃતનિશ્ચયી છે.

અહીં આપણને એક સવાલ થાય છે. જો આપણે વાતાવરણમાંથી અધધ માત્રામાં ઑક્સિજન શોષી લેશું તો પછી વાતાવરણમાં પ્રાણવાયુનું પ્રમાણ ઓછું તો નહીં થઈ જાય ને? કોવિડ-૧૯ મહામારી સંદર્ભે આ પ્રશ્નનો જવાબ વિચારીએ. દરેક વ્યક્તિની શુદ્ધ પ્રાણવાયુની જરૂરિયાત નિશ્ચિત છે. ફેફસાંની કાર્યક્ષમતા પ્રમાણે આપણે શ્વાસની હવામાં પ્રાણવાયુની માત્રા વધારીએ કે પછી દબાણ પણ થોડું વધારીએ પણ અંતે તો એક માનવી રોજનો ૫૫૦ લિટર શુદ્ધ ઑક્સિજન જ ગ્રહણ કરે છે. વધારાનો ઑક્સિજન ફરી પાછો વાતાવરણમાં ભળી જાય છે. આમ સર્વાંગ રીતે પ્રાણવાયુની ઘટ પડે તેમ લાગતું નથી. હા, વૃક્ષ છેદનથી તેની માત્રામાં જરૂરથી ફરક પડી જશે. આ મહિનામાં (૫ જૂન) વિશ્વ પર્યાવરણ દિવસ છે. ઑક્સિજન ખરેખર પ્રાણનો વાયુ છે તે આપણને 'કોવિડ-૧૯'એ બરાબર સમજાવી દીધું છે. પૃથ્વીના વાતાવરણમાં પ્રાણવાયુની સ્થિતિ જાળવી રાખવા માટે ચાલો, આપણે સૌ વ્યક્તિ દીઠ ઓછામાં ઓછું એક વૃક્ષ તો વાવીએ - અને જતનથી તેને ઉછેરીએ.

કોરોનાનો ત્રીજો કોઠો ?

હવે તો કોવિડ-૧૯ અંગેના સમાચાર જોવા કે વાંચવા નથી ગમતા. મન ખિન્ન થઈ જાય છે. વાઇરસ રૂપ બદલતો રહે છે - ક્યારે તે પોતાનો વેશ ભજવવાનો બંધ કરશે તે કહી શકાય તેમ નથી. કોરોના અવતર્યો ત્યારથી નિષ્ણાતો તેની ચાલ, રૂપ અને ભવિષ્યના નવા રૂપ અંગે પોતાનાં મંતવ્યો આપતા રહ્યા છે. આ પ્રકારનો વરતારો કરવા માટે સંબંધિત વિપુલ માહિતીને ગાણિતિક રીતે મૂલવવામાં આવે છે. આ માટે જે તે ક્ષેત્રના વિજ્ઞાનીઓ ઉપરાંત આંકડાશાત્રીઓ અને ગણિતશાસ્ત્રીઓનું પણ

મહામૂલું પ્રદાન હોય છે. આમ એક 'Mathemetical Model' તૈયાર થાય છે. વરતારા માટે જેમ માહિતી (Data) વધારે તેમ તેના દ્વારા થતું અનુમાન વધુ સચોટ નીવડતું હોય છે. આ એક સતત ચાલતી પ્રક્રિયા છે - સંશોધન છે. કોરોનાનાં નવાં રૂપ કે પછી કોવિડ-૧૯ની નવી લહેરનું અનુમાન પણ આ રીતે કરવામાં આવ્યું હશે. આ અનુમાન કરતી વખતે વિજ્ઞાનીનું કૌશલ્ય પણ તેની સચોટતાને અસર કરતું હોય છે. માટે જ કોવિડ-૧૯ સંદર્ભે એક જ સમયે જુદા જુદા નિષ્ણાતોનાં મંતવ્યોમાં વિભિન્નતા હતી - છે. સતત ચાલતી પ્રક્રિયાને કારણે ઘણી વખત તો તેઓએ પોતાનું મંતવ્ય બદલ્યું હોય તેવું પણ બન્યું છે. આ દર્શાવે છે કે નવા રૂપની આપણા પર અસર વધુ રૌદ્ર પણ હોઈ શકે કે વધુ સૌમ્ય પણ હોઈ શકે. કોરોનાની બીજી લહેરની હજુ કળ વળી નથી ત્યાં ત્રીજી લહેર આવશે તેવા સમાચાર આવવા લાગ્યા છે. આ પ્રકારનાં અનુમાનો ભૂતકાળના અનુભવને આધારે જ થતાં હોય છે. Mathematical Modelને આધારે કરેલી ભવિષ્યવાણીને વૈજ્ઞાનિક પુરાવાઓનો આધાર નથી હોતો અને તે શક્ય પણ નથી છતાં પણ મહદંશે તે સાચી પડે છે. કોવિડ-૧૯ માટે તેને ગંભીર ચેતવણી સ્વરૂપે લઈ શકાય અને ગાફેલ રહેવું તો બિલકુલ ન પરવડે. આપણે જાણીએ છીએ કે સમયાન્તરે વાઇરસ પોતાનું રૂપ બદલે છે. નવાં સ્વરૂપમાં માતૃ વાઇરસના એક ગુણધર્મમાં થોડો ફેરફાર થાય છે. તેને લીધે વાઇરસની ચાલ બદલાઈ જાય છે. કોરોના વાઇરસની નવી ચાલ મુજબ તે એક સાથે બે રૂપ (Double Mutant) પણ લે છે એટલે કે નવા દ્વિરૂપી કોરોના વાઇરસમાં તેના બે ગુણધર્મોમાં ફેરફાર થાય છે. ભવિષ્યમાં તે ત્રિરૂપી પણ બની શકે. આમ વાઇરસ હવે સાચા અર્થમાં બહુરૂપી બની ગયો છે. સ્વાભાવિક છે કે બહુરૂપી વાઇરસની ચાલ સમજવી મુશ્કેલ હોય છે અને તેને ઝટ નિયંત્રિત કરી શકાતો નથી. કોવિડ-૧૯ને નાથવામાં સ્વાસ્થ્યકર્મીઓ અને પ્રશાસનના પ્રયત્નોની સાથે લોકોનો પણ દિલથી સહકાર જરૂરી છે જ. આપણા સહિયારા પ્રયત્નથી બની શકે કે કોવિડ-૧૯ની ત્રીજી લહેર આવીને જતી રહે અને આપણને ખબર પણ ન પડે.

વિશ્વના બધા જ લોકો એક સાથે ફક્ત પંદર દિવસ માટે વ્યવસ્થિત અને યોગ્ય માસ્ક સતત પહેરે, હંમેશાં જરૂરી શારીરિક અંતર જાળવે, સમયાન્તરે સાબુથી લગભગ ૨૦ સેકંડ હાથ ધુએ અને સફાઈ તેમજ સૅનિટેશનની કાળજી રાખે તો કોરોના ઊભી પૂંછડીએ ભાગી જાય તેમ નથી લાગતું ?

– ચિંતન ભટ્ટ

को धर्मो भूतदया किं सौख्यमरोगिता जगति ।
कः स्नेहः सद्भावः किं पाण्डित्यं परिच्छेदः ॥

'આ જગતમાં ધર્મ શું છે ?' 'સર્વ પ્રાણીઓ પર દયા કરવી તે.'
'સુખ શું છે ?' 'રોગરહિતપણું.' 'સ્નેહ શું છે ?' 'સર્વ પ્રત્યે
સદ્‌ભાવ.' 'પંડિતાઈ શું છે ?' 'સત્ય-અસત્યનો વિવેક - યથાર્થ જ્ઞાન.'

આગામી કાર્યક્રમો

શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા જૂન મહિનામાં નીચે મુજબના કાર્યક્રમો ઑનલાઇન યોજવામાં આવ્યા છે. દરેક કાર્યક્રમ સાંજના ૫.૩૦ વાગ્યે જોઈ શકશો.

◈ **૯ જૂન, ૨૦૨૧, બુધવાર : સાંજના ૫-૩૦**
વિષય : લોકકથાની કથનશૈલીનું નિર્દેશન (પુનઃ પ્રસારણ)
વક્તા : ઉપેન્દ્ર ત્રિવેદી

◈ **૧૬ જૂન, ૨૦૨૧, બુધવાર : સાંજના ૫-૩૦**
અનિલ રેલિયા સાથે નિસર્ગ આહિરની મુલાકાત

વાત વિશ્વકોશની

◈ **૧૯ જૂન, ૨૦૨૧, શનિવાર : સાંજના ૫-૩૦**
વિષય : વિશ્વકોશની યાત્રાના કેટલાક મુકામ
વક્તા : કુમારપાળ દેસાઈ
વિશ્વકોશ ટ્રસ્ટના પ્રારંભથી માંડીને આજ સુધીની વિકાસયાત્રાની ઝાંખી આપતી માલતી મહેતા દિગ્દર્શિત ડૉક્યુમેન્ટરી 'નિરંતર ચાલતો જ્ઞાનયજ્ઞ'ની રજૂઆત

રસિકલાલ છો. પરીખ વ્યાખ્યાનમાળા

◈ **૨૪ જૂન, ૨૦૨૧, ગુરુવાર : સાંજના ૫-૩૦**
વિષય : તેરા સાહબ હૈ ઘર ભીતર
વક્તા : કુમારપાળ દેસાઈ
કબીરના દુહાની પ્રસ્તુતિ અલ્પા શાહ

વિશ્વકોશના શિલ્પી પદ્મભૂષણ ડો. ધીરુભાઈ ઠાકરની જન્મતિથિની પૂર્વ સંધ્યાએ

◈ **૨૬ જૂન, ૨૦૨૧, શનિવાર : સાંજના ૫-૦૦**
વિષય : ગુજરાતના કવિઓની હિંદી-વ્રજ શૈલીની રચનાઓનું ગાન
પ્રસ્તુતિ : અમર ભટ્ટ અને ગાર્ગી વોરા
(દયારામ, બ્રહ્માનંદ સ્વામી, સુન્દરમ્, રાજેન્દ્ર શાહ, મકરન્દ દવે, વેણીભાઈ પુરોહિત, રાજેન્દ્ર શુક્લ અને હરીશ મીનાશ્રુની કાવ્યરચનાઓની પ્રસ્તુતિ)

(ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ), (Gujarat Vishvakosh Trust)
વૉટ્સએપ ઉપર આની લિંક મૂકવામાં આવે છે. **વૉટ્સએપમાં જોડાવા માટે આ મો. નંબર ૯૮૯૮૦૪૨૬૯૯ પર મૅસેજ કરીને જોડાઈ શકશો.**

વિશ્વકોશ ટ્રસ્ટની અન્ય પ્રવૃત્તિઓ

પુસ્તક પ્રકાશન

દસ ગ્રંથશ્રેણીના ઉપક્રમે વિવિધ વિષયનાં ૧૦૧થી વધારે પુસ્તકોનું પ્રકાશન

વિશ્વવિહાર

વિશ્વની ગતિવિધિ સાથે તાલ મિલાવતું ગુજરાતી વિશ્વકોશનું સંપર્કપત્ર

આવી જ રીતે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનું મુખપત્ર 'વિશ્વવિહાર' પણ ઑનલાઈન મૂકવામાં આવે છે તેમજ તેને શ્રાવ્ય રૂપે પણ પ્રસ્તુત કરવામાં આવે છે.

અન્ય પ્રવૃત્તિઓ

શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી ◈ શિક્ષણવિદ શ્રી કંચનલાલ પરીખ વ્યાખ્યાનશ્રેણી

જીવન-ઉત્કર્ષ વ્યાખ્યાનશ્રેણી ◈ વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર અને કલાવીથિકા

પ્રિ. આર. એલ. સંઘવી વ્યાખ્યાનમાળા ◈ સ્વાસ્થ્ય-યોગશ્રેણી

શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્યકેન્દ્ર ◈ શ્રી ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત એવોર્ડ

'વિશ્વા'ના ઉપક્રમે બહેનોની પ્રવૃત્તિ ◈ 'જ્ઞાનાંજન' – વ્યાખ્યાનોનો શ્રાવ્ય સંપુટ

ધર્મ-તત્ત્વ-દર્શન વ્યાખ્યાનશ્રેણી ◈ સમાજ ઉત્કર્ષ એવોર્ડ

કેળવણીકાર શ્રી નંદુભાઈ દામોદર શુક્લ વ્યાખ્યાનશ્રેણી ◈ શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી એવોર્ડ

શ્રી રસિકલાલ છો પરીખ વિદ્યાકેન્દ્ર ◈ સ્વ. હરિકેત પાઠક ચિત્રસ્પર્ધા

સતત સાડાત્રણસોથી વધુ દિવસથી ચાલતો વિશ્વકોશનો ઑનલાઇન

'રોજેરોજ વિશ્વકોશ' વિભાગ

લૉકડાઉનના સમયમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓ અને અન્ય સહુ કોઈને સામગ્રી આપતો 'રોજેરોજ વિશ્વકોશ' નામના વિભાગનો પ્રારંભ કરવામાં આવ્યો. આ વિભાગમાં 'ઇતિહાસમાં આજ' શીર્ષક હેઠળ એ દિવસે જન્મેલી કે અવસાન પામનારી મહત્ત્વની વ્યક્તિનું જીવનચરિત્ર અને એમના કાર્યની રજૂઆત કરવામાં આવી છે. તો પ્રતિદિન એક નવો વિચાર પ્રસ્તુત કરતો 'આજનો વિચાર' નામનો લેખ પ્રગટ કરવામાં આવે છે. આ ઉપરાંત 'પ્રસંગમાધુરી' શીર્ષક હેઠળ કોઈ વિભૂતિ કે અગ્રણીનો પ્રેરક પ્રસંગ આપવામાં આવે છે. વળી ગુજરાતી વિશ્વકોશમાં પ્રકાશિત થયેલાં જુદાં જુદાં લોકોપયોગી માહિતી ધરાવતાં અધિકરણો આપવામાં આવે છે તથા બાળવિશ્વકોશમાંથી પણ એ જ રીતે બાળભોગ્ય ચિત્રમય અધિકરણ રોજ આપવામાં આવે છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની ઑનલાઈન પર રજૂ થતી 'રોજેરોજ વિશ્વકોશ'ની સામગ્રી કેટલાંક અખબારોમાં પુનઃપ્રકાશિત થાય છે તેમજ ગુજરાતની જુદી જુદી સ્કૂલોમાં પણ એમાં આવેલી સામગ્રીનું વાંચન થાય છે. ૧૧મી જૂનથી શરૂ થયેલો આ વિભાગ સળંગ સાડાત્રણસો દિવસ પૂરા કરીને આગળ ચાલે છે. રોજેરોજ વિશ્વકોશમાં શ્રી ચિંતન ભટ્ટ દ્વારા દર બુધવારે અને રવિવારે 'વિજ્ઞાનની વાત' શીર્ષક હેઠળ વર્તમાન સમયની વિજ્ઞાન-ક્ષેત્રની ગતિવિધિની માહિતી આપતા લેખો પ્રગટ થાય છે.

દર માસની પમી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/4459. License to post without Prepayment No. PMG/NG/111/2021-2023. valid upto 31/12/2023. at Ahd PSO On 5th every month under postal Regd. No. GAMC 1375 2021-23 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2023

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં પ્રકાશનો

શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ વિશ્વવિદ્યા શ્રેણી

જનીનવિજ્ઞાન
લે. જે. પી. ત્રિવેદી,
કિં. ₹ ૬૦/-

ઊર્જા, લે. પ્રહ્લાદભાઈ છ. પટેલ,
કિં. ₹ ૭૦/-



વાસ્તવવાદી નાટક
લે. ભરત દવે,
કિં. ₹ ૪૦૦/-



મમ્મી ! તું આવી કેવી ?
લે. ધીરુબહેન પટેલ, કિં. ₹ ૭૦/-



સપનાનાં સોદાગર
લે. ઉષા ભાલ મલજી,
કિં. ₹ ૨૪૦/-



શહીદ વિનોદ કિનારીવાલા
લે. બિપિન જેઠાલાલ સાંગણકર,
કિં. ₹ ૮૦/-